કિતાબુલ ઈસ્લામ ઈશાઅત
કીમત: ...

અલ્લાહ પાક ફરમાવે છે.—

અલ્લાહપર અને નબીયિલ ઉમ્મી (એ નામવાળા) તેના રસૂલ (હઝરત મોહમ્મદ) પર ઇમાન લાવો જે (રસૂલ પોતે અલ્લાહ) અને તેના સત્ય કલમને માનનાર છે માટે (તેવા રસૂલ)ના તાબેદાર રહો કે જેથી તમે સાચા માર્ગ મેળવો (પારો ૯ રૂકુઅ ૧૦)

આર્યસમાજના આગેવાન પંડિત આત્મારામ વડોદરાવાળાએ, મુસલમાનોના કલેમએ તૈયેબમાં શિર્ક છે કરીને ઉઠાવેલા વાંધાનું આશ્ચર્યકારક ખંડન મજકુર વાંધાના મુકાબલામાં વેદમંત્રોમાં, વેદોની દુઆઓમાં, આર્યસમાજીઓની સંધ્યામાં અને હિંદુઓમાં એકમતે મનાયેલા સર્વોત્તમ ગાયત્રી મંત્રમાં પુરેપુરા શિર્કની સાબેતી

ઈસલામ પ્રચારક

ભાગ ૨ જો.

લખી છપાવી પ્રગટ કરનાર

સૈયદ અલી અકબર કાદરી નકશબંદી
ઠેકાણું મછીઓલી ફુઈન્તોડ વિભાગ રાંદેર, જીલ્લે સુરત.

સુરત લીમડાચોકમાં આવેલા ધી "સુંદર" પ્રીન્ટીંગ પ્રેસમાં
શા. વીઠ્ઠલદાસ કીકાભાઇએ છાપ્યું

હિજરી સન ૧૩૪૭ ઇસ્વી સન ૧૯૨૩
પેહલી આવૃત્તિ પ્રત ૨૦૦૦

અંજુમને તબ્લીગે ઇસ્લામ રાંદેર તરફથી ભેટ.

...વી.

...શાસ્ત્ર વિરૂદ્ધ છે.

કાશી, બનારસ, શુદ્ધાવ ...ના
...ડી ભાષામા છપાઇ પ્રગટ
...દુ ... વર્ડુંમાં છાપી પ્રગટ કીધો
... હૈ નાના તર્કુ... ... લેકોને
... હુ જેને વાંચી ...સારી માણુસે

(૧) ... હિંદુ ધર્મના બીજા ધર્મવાળાને લેવાનો બિલકુલ હુકમ ... આર્યસમાજીએ ... કીરેતુ ... (૨) મરી ... ડી ... આ ... વગેરે શુદ્ધિ સભાના જે ... ખંડન કીધુ છે તે ... આર્યસમાજી ... જે ... દી... છે ને સનાતનીઓના મજકુર પંડિતજીનેજ ... છે, અને (૩) આ ...સમાજીએ શુદ્ધતા ... વેદ શાસ્ત્રો પ્રમાણે સાબીત કરવાની જે ... છે ને ... ડી છે મદન ... પંડિતજી લખે છે—'પ્રથ સનાતન ધર્માવલંબી ...જાત ! મલ્કાન ... શુદ્ધિ શાસ્ત્ર વિરૂદ્ધ છે પોતાના સનાતન ધર્મને કાયમ રાખ... ઉપાયે ... ધર્મ ... જાતને ... ઉમા ... જેથી સનાતન ધર્મ ...કિત થઇ જશે, કારણુ કે તેઓ આ મલ્કાના (રજપૂતો)—
શું ... સનાતન ધર્મના ... (હવે) ... અને ... એટે માર્ગે ... છે તમારા જેવા સમજુ માણુસો શુ એટલુ બી સમજી ... થી કે કેઇ ... હિંદુ પંડિત એ વાતનો હોકમ (શાસ્ત્રાનુસાર) દઇ શકે છે કે મુસ...ન (અથવા તેઓના જેવી પરકોમ) સાથે ખાનપાનનો વ્યવહાર (હિંદુઓ) ચાલુ કરે ? ... હુકમ નહીં હોવા છતાં સનાતન ધર્મી વિદ્વાન લોકો એ કામમા (કેમ શામેલ થયા છે)? ... પ્યારા ભાઈઓ ! એ પુરેપુરો (આર્યસમાજીઓનો) ધોકો છે તમે કદિ એવા ધોકામા ... પડશો નહીં

જો કોઇ પણુ હિંદુએ આવા (નાદુરસ્ત) કામનો ફતવો કે હુકમ દીધો હશે ત્રો તેણે ... લોભમા લપટ થઇને દીધો હશે (શુદ્ધિ સભાઓ કાઢવાનુ અને પરકોમોને શુદ્ધ કરવાનુ) આ કામ ફકત આર્યસમાજીઓનું કાવતરૂ છે; તમે આવી જાળમાં ભુલીને પણુ ...પકાઇ જશો નહીં શુ તમને ખબર નથી કે મલ્કાના રજપૂતોને ઇસ્લામી ધર્મ પ્રમાણે ...લતા સૈકાઓ ગુજરી ગયા ? તેઓ કદિપણુ હિંદુ થઇ શકતા નથી, જેવીરીતે કે ઘેડો ગધેડો ... શકતો નથી આવા ખેટા ફતવાઓ કાઢી (કે વેદ શાસ્ત્રોમા શુદ્ધિ માટે ... દલીલો ...) પોતાને નર્કવાસી (જહન્નમી) નહીં બનાવશો

શ્લોક —" લાભાદ્રાય હિવાકો ધાત મોહાતવા ... યોન્યાયમન્યથા ... ...રકમ નર " મારા પ્યારા દોસ્તો ! જે લોકો મલ્કાના (રજપૂતો)ની શુદ્ધિને ... ...તલાવતા હોય તે લોકોને જોઇએ કે મેદાન પડી જાય એ તે લોકો (આર્યસમાજીઓ)ને ... ચેલેન્જ દેવામા આવે છે જો તે લોકો (આર્યસમાજીઓ) એ બાબત (મારા ચેલેંજ) ... નહીં દેશે તો સઘળા સનાતન ધર્મીઓને જોઇએ કે આ નુકશાન કારક ...(શુદ્ધિના) કામને (તરત) અટકાવે જો સનાતન ધર્મીઓ એ તરફ બેદરકારી વાપરશે તો હું ... તે ગામેગામ અને ઠામે ઠામ ફરીને ભોળા હિંદુઓને બચાવવાની અને તેઓને ... ચલાવવાની કોશિષ કરીશ તા ૧૪ મી જેષ્ટ અધિક વદ ૧૩ વિક્રમ સંવત ૧૯૮૦

(સહી દસ્કત) ...સવત વ...ત ... ...
... પ્રેસ દિલ્લીમા છપાવેલો હતો) ...:—...

બનામે ખોદાએ રહમાનો રહીમ

વ સલાતો સલામ બર નબીએ કરીમ

હોવલ હાદી

વડોદરાના શુદ્ધિ વિભાગ તરફથી બુલેટિન નબર ૧ કોઇ આર્યસમાજીષ્ટ નામે અનુભવીએ પ્રગટ કીધો હતો તેનો જવાબ ખોદાપાકે પોતાના ફઝલો કરમથી મારી કુદરતોડ કલમ વડે સુદર રીતે લખાવી સુદર છાપ ખાનામા છપાવી એવે વખતે પ્રગટ કરાવ્યો જ્યારે શુદ્ધિ સભાઓના આર્યસમાજી પડિતો આણુદમા હઝરત ઇબ્ને શેરે ખોદા ઇમામે ફને મુનાઝિરા મૌલાના મૌલવી સૈયદ મુર્તઝા હુસન સાહેબ ચાંદપૂરીના સિંહનાદની સામે ચુ ચુ કરવા પોતાના ચેલાઓ સાથે હાજર થયા હતા ભેગી મળેલી સભામાજ તેઓને હાથો હાથ મજકુર જવાબ દેવામાં આવ્યો ત્યાર પછી—

ચખ઼ કો કબ યે સલીકા હય સિતમગારીમે
કોઇ મઅશૂક હય ઇસ પર્દએ ઝગારીમેં

પોતે સતાયલા રહી ગુજરાત પ્રાતમાં આર્ય પથથી કેટલા ઇસલામીઓ જાણીતા છે તેની બાતમી મેળવવા માટે બીજાઓના નામથી કેટલાએક લેખ ઇસલામીઓ અને સનાતન ધર્મીઓના ખડનમા માસ્ટર આત્મારામે પ્રગટ કરાવ્યા, પણ જ્યારે મેદાનમાં ઇસલામીઓનેજ આવતા જોયા ત્યારે "મઝહબે ઇસલામપર એક નઝર" ના મથાળાવાળા લેખો પોતાને નામે તેઓ પ્રગટ કરવા લાગ્યાં જેઓમાંનો એક લેખ જે ભારત વિજય પ્રેસ વડોદરામાં છપાયલો છે અને જેના પર તારીખ કે નબર નથી મને મળી આવતા તેમાં ખોદાપાકની તૌહીદ માટે જે મુખ્ય સવાલ હતો તેનો જવાબ અહીં લખુ છું, એટલાજ માટે કે તે ઇસ્લામનો મોટો રૂકન, દીનનો પાયો અને ધર્મનુ થડ છે બાકીની નજીવી બાબતોના જવાબોને ઇન્શાઅલ્લાહ કોઇ બીજા ચોપાનિયામા જરૂર પ્રગટ કરીશ કારણ કે જે ધર્મનું મૂળ થડ મજબૂત સાબેત થશે તેની શાખાઓ પાંત્રાઓ ફુલ અને ફળ પણ ઉત્તમ સાબેત થયા વિના રહેશે નહીં

માસ્ટર આત્મારામ અમરિતસરવાળા લખે છે કે "વૈદિક ધર્મ મે એક ખુદાકે જાન લેનેસે મુક્તિ મિલ સકતી હય, ઇસપર ઇસલામ કે કલમા મે જનાબ હઝરત મહમ્મદ સાહેબકા નામ જોડના પૂરી તૌહીદકો કમઝોર કરના હય"

આર્ય સમાજનો એ કંઇ નવો ઘડી કાઢેલો સવાલ નથી પણ અસલ એ બરહ્મોસમાજવાળાઓ, નેચરિઓ, થિઑસૉફિસ્ટો યુરોપના ફ્રીમેસનવાળાઓ અને ખાસ કરીને ફતેહાદુલ મઝાહિબ ફિરકાવાળાઓનો છે* કારણ કે એ બધા દેહરિયત એટલે નાસ્તિકતાની શાખાઓ છે, અને સમજુ માણસો જાણે છે કે નબુવ્વતને માનવુ એજ નાસ્તિકતાનુ મટાડનાર પહેલુ પગથિયું છે ત્યારે એ લોકો હમેશ એજ કોશિશમા રહે છે કે કોઇ પણ

---

* હઝરત મૌલાના અબદુલ હઇ સાહેબ ફરંગી મેહલી (રહ)એ ઇત્તેહાદુલ મઝાહિબવાળા ફિર્કાના રદમા એક કિતાબ "બરાહીનુલ કાતિઅ" નામની રચી પ્રગટ કીધી છે તેમાથી કેટલીએક દલીલો આ ઠેકાણે મે નકલ કીધી છે

રીત એ પગથિયું તૂટી જાય તો આપણો દાવ ફાવે આર્યસમાજીઓએ એ સવાલને પોતાનો હથિયાર એટલાજ માટે બનાવ્યો છે કે જો કોઇના મનમાં એ વાત જરા પણ ઠસી ગઇ તો પછી તેને કહેવામા આવે કે ભાઇ હવે તારામાં અને અમારામા ફરકજ શો રહ્યો તું પણ એકજ ઇશ્વરને માનનાર અને અમે પણ એકલા તેનેજ માનનાર છીએ હિંદુઓ તો દેવતા દેરીઓને માનનારા, મુસલમાનો પેગમ્બરોને માનનારા છે, માટે તારી જગ્યા તો માત્ર અમારે ત્યાજ છે અમારી સમાજમા દાખલ થઇ જા

મજકુર ટોળાઓની મતલબ એજ છે કે મુસલમાનો કલેમએ તૈયબ'મા—"લા ઇલાહા ઇલ લલ્લાહો મોહમદુર રસુલુલ્લાહ" જે પઢે છે તેમાં 'લા ઇલાહા ઇલ લલ્લાહ" તો તેઓ ભલે કહે કેમકે પરમેશ્વરને સૌ કોઇનો ઇશ્વર બોલવામાં તો તેઓ બધા એકમત છે, મુસલમાનો અને તેઓ વચ્ચે ફકત જુદાઇ નાખનાર શબ્દો "મોહમદુર રસુલુલ્લાહ" છે જે તેઓને કાટા રૂપી ખુચે છે તે શબ્દોને કાઢી નાખવાની જરૂર છે અને તેથી મજકુર શબ્દોને "શિર્ક ફિલ કલેમ" એટલે તૌહીદના કલેમામાં ભેળી દીધેલો શિર્ક માને છે અને બીજાઓ પાસે તેમ મનાવવા માટે દલીલો રજુ કરે છે.

મજકુર કલેમો પૂરેપૂરો પઢવો સઘળા મુસલમાનો એટલે ઇસલામી દીનનો મુખ્ય અને પહેલો રૂકન ગણે છે, એનું મુખ્ય કારણ એ છે કે ખુદાપાકે દુન્યાની વ્યવસ્થાના જેટલા કામો સરજ્યા છે તે કામોના જુદા જુદા ખાતાઓ ઠેરવી તેને માટે અમુક ખાસ ખાસ નિયમો અને તે નિયમો પ્રમાણે પોતે ચાલી બીજાઓને ચલાવવા માટે જુદા જુદા ઓહ્દાના જુદા જુદા માણસો નીમ્યા છે દાખલા તરીકે માણસ જાતિ જનાવરોની પેઠે જગલમા જુદી જુદી જગ્યાએ જમીન કે ઝાડો કે પર્વતોની ગુફાઓમાં રેહવાને પસદ રાખતી નથી, પણ કુદરતી રીતે તે એક બીજાની સાથે હળીમળી ટોળેટોળા સમ્બાબધ રહેવાને પસદ રાખે છે તેથી તેઓ માટે રાજ્ય વ્યવસ્થાનો બદોબસ્ત કરી આપ્યો છે તે વ્યવસ્થાનો બદોબસ્ત કરવા માટે ખોદાપાકે, દુનીઆ પેદા થઇ ત્યારથી આજસુંવી જે ખાતુ નીમ્યુ છે તેને રાજ્ય વહીવટ કે રાજતત્ર કહે છે

મજકુર રાજમંડળમા તે મડળનો એક ઉપરી હોય છે કે જેને રાજા કહે છે ઘેરઘેર અને ગામે ગામે લોકોની ફર્યાદો સાભળવા અને લોકોની અડચણો દૂર કરવા માટે પોતાના હાથ નીચેના પણ વ્યવસ્થા કરવાને યોગ્ય હોય તેવા કેટલાક માણસોને તે દરેક ગામ, શહેર કે ઇલાકાપર પોતાના પ્રતિનિધિ (નાએબ) તરીકે મોકલે છે જેને અનુક્રમે હાકેમ, કલેકટર, ગવરનર અને વૉઇસરૉય આપણે કહીએ છીએ એ વૉઇસરૉય કે ગવર્નરનુ કામ એજ હોય છે કે રાજાના હુકમોને રઇયતને પોહચાડે અને રઇયતની અમુક ફર્યાદને રાજાના દરબારમા રજુ કરે આપણે રાત દિવસ જોઇએ છીએ અને ભુગોળની ચોપડીઓમા ઇલાકા કે સામ્રાજ્યના સામાન્ય જ્ઞાનમા વાચીએ છીએ કે મજકુર ગવર્નર કે વૉઇસરૉયની નીમણુક પોતે રાજાજ કરે છે (વાચો મુબઇ ઇલાકામા કે હિંદના સામ્રાજ્યમા રાજ્ય વહીવટનો પેરેગ્રાફ) વળી જ્યારે જ્યારે આવા ગવરનરો કે ગવર્નર જનરલ બાદશાહ તરફથી નીમાઇ મોકલવામા આવે છે ત્યારે તે ઇલાકા કે દેશના લોકોને તે ગવરનરના નામની ખબર બાદશાહ તરફથી આપવામા આવે છે કે ફલાણા અમીરને મે તમારો ગવરનર નીમ્યો છે ત્યારે રાજાને પોતાના રાજા તરીકે માનવુ જેમ રૈયતપર ભારે ફરજ હોય છે તેમ મોકલેલા ગવર્નરને માનવુ પણ રૈયતપર તેટલીજ ભારે ફરજ છે જો રાજાને કોઈ રાજાતો માને પણ વાઇસરાય કે ગવર્નરને માટે ખુલ્લે ચોક લોકો આગળ

તે કહેતો ફરે અથવા રાજાને ખબર આપે કે રાજાએ નીમેલા ગવર્નરને હુ તેનો ગવર્નર માનતો નથી તો દુનીઆના દરેક રાજ્યમા તેવો માણસ તે રાજાનો દેશ-દ્રોહી કે બાગી ગણાય છે અને ગણાશે કારણ કે તેમ કરતાં રાજાના હોકમની નાફરમાનીજ થાય છે એટલુંજ નહી પણ રાજાના કામને રદ બાતેલ કીધેલુ ગણાય છે

એવીજરીતે લોકો સાચે માર્ગે ચાલે એને માટે પણ એક ખાતુ ખોદાપાકે નીમેલુ છે જેનુ નામ નબુવ્વત કે રિસાલત છે અને જેમ રાજાના હુકમો રૈયતને પોહચાડવાને વાસ્તે જુદા જુદા નાના મોટા ઓહ્વેદારો હોય છે તેમજ એ ખાતામા પણ નબી, રસુન, સહાબી, તાબેઇ, તબએતાબેઇ, મુજતહિદ, આલિમ, કુતુબ, વલી, પીર વિગેરે એ ખાતાના ઓહ્યેદારો હોય છે. જેવીરીતે નાના મોટા બધા અધિકારીઓ ગવર્નરની સત્તા હેઠળ હોઇ રાજ્ય વહીવટની બાબતોમા દરેક રીતે હરેક કાનુન માટે ગવર્નરના ગરજવાન હોય છે, એવીજરીતે ધર્મ વહીવટના મજકુર ઓહ્યેદારો, રાજાઓના રાજા, ખોદાપાકે નીમેલા વાઇસરાય એટલે રસુલના મોહતાજ કે ગરજવાન હોય છે જેમ દરેક દેશ માટે જુદા જુદા સમયે એકના ગયા પછી બીજા વાઇસરાયની નીમણુક થાય છે, તેમ જુદા જુદા દેશો માટે કે કોમો માટે જુદા જુદા સમયે જુદા જુદા રસુલો અને નબીયોની નીમણુક થતી રહી છે જેમ એક વાઇસરાયના હાથ હેઠળ ઘણા ગવર્નરો હોય છે તેમજ કોઇ કોઇ વખતે એક રસુલની રિસાલત હેઠળ કેટલાક નબીયો મુકરર કરવામા આવે છે

એક નિશાળીઓ પણ જાણે છે કે વાઇસરાય એ શબ્દ (vice, in place of & rex, a king) વાઇસ અને રેકસથી બનેલો છે, વાઇસ એટલે " ની જગ્યાએ (કામકરનાર)" અને રેકસ એટલે "રાજા," એના અર્થ કોઇ પણ માણસ પોતે રાજા કે રાજ્યનો ભાગીદાર કરતો નથી, તેવીજરીતે રસુલ કે પેગંબરના અર્થ ખુદા કે ખુદાની જાત કે ખુદાના ગુણોમાં ભાગીદાર હોવાનો કોઇપણ કરતો નથી. નિશાળોમા વિદ્યાર્થીઓને, સરકારી ખાતાઓમાં નોકરોને અને પબ્લિકને, શીખવવામાં, જણાવવામા અને ખબર દેવામા આવે છે કે હાલમા તમારો રાજા ફલાણો છે, અને વજીરો કે દરબારી અમીરોનુ નાન નહીં દેતા વાઇસરાયનું નામ, કે ગવર્નરનું નામ રાજાના નામ પછી જરૂર જરૂર શીખાડવામા આવે છે; છતાં તેમ કરવાને કોઇ પણ સરકારી ઓહ્યેદાર કે ગવર્નર કે વાઇસરાય કે અમીર અથવા વજીર રાજાની મોટાઇ અને સર્વોપરીપણા કે સર્વોપરી સત્તામાં નુકશાનકારક કોઇપણ રીતે ગણતો નથી. કારણકે બધા જાણે છે કે રાજા, રાજાજ છે, અને બીજા બધાઓ પછી તે ગમે તેવા મોટા ઓહ્દાના હોય, તેના તાબેદાર નોકર છે તેથી કરીને સિદ્ધ થઇ ગયુ કે રાજાના નામ પછી જો કોઇ પણ ઓહ્યેદારનુ નામ તેના ઓહ્વા સાથે બોલવામાં કે લખવામાં કે માનવામાં આવે તો તેથી રાજાની પદ્દીને કઇપણ નુકશાની થતી નથી

મજકુર શકાને બીજીરીતે દૂર કરૂ છુ આર્યસમાજના આગેવાન દયાનંદ સરસ્વતીજીને માટે આર્યસમાજીઓ માને છે કે તેઓને ઝેર ખવાડવામા આવેલુ તેથી તેઓ મરી ગયા (જુઓ પંડિત રાધા કિશન મેહતાના સત્યાર્થપ્રકાશના સવત ૧૯૫૪ના ઉર્દૂ તર્જુમાની પ્રસતાવના પાનુ ૨). હવે કોઇ માણસ એમ લખે અથવા બોલે કે "પંડિત દયાનંદ સરસ્વતી, પાપી માણસના ઝેર ખવાડવાથી મરણ પામ્યા" કે જે ફકરામાં પંડિતજીના નામની સાથેજ "પાપી માણસ"ના શબ્દો છે તો તેથી પંડિતજી મજકુરની જે મોટાઇ આર્યસમાજીષ્ટોની નજરમાં છે તેમાં શી નુકશાની લાગુ પડવાની ? વળી એ પ્રમાણે બોલવાને કે લખવાને કોઇ પણ માણસ પંડિતજી મજકુરનુ

અપમાન અથવા પંડિતજી મજકુરના દરજ્જા કે નામો કે ગુણોમા તેઓનો ભાગીદાર તે પાપી માણસને ગણશે નહીં, તેવીજ રીતે જો "લા-ઇલાહા ઇલ્લલ્લાહો મોહમદુર રસુલુલ્લાહે" એ કલેમામા અલ્લાહના મહાન નામ પછી હઝરત મોહમદ (સલ)નું મુબારક નામ તેઓના મહાન ઓહદા સાથે આવે તો તેમા ખોદાપાકની તોહીદ (એકત્વતા)ને શી નુકસાની લાગુ પડે છે તે કોઇપણ ઇન્સાફી સમજુ માણસને સમજાતુ નથી કારણ કે કલેમા મજકુરના પહેલા ફકરામા ઘણીજ સફાઇ સાથે બયાન કરી દેવામાં આવ્યુ છે કે આખા બ્રહ્માંડ, ખોદાઇ, સૃષ્ટ કે પેદા થયલી સઘળી ચીજો જેવી કે આકાશમાં ગ્રહો, સ્વર્ગલોક, દેવતાઓ કે ફિરિસ્તાઓ, અને જમીનપર ઋષિઓ, મુનિઓ, પીરો, પેગંબરો, જિન્નો, અસુરો, પિશાચો, પાણી, હવા, આગ, પત્થર, ઝાડ, કબર, તાજિઓ, થાનક, ચિલ્લો, આત્મા, શરીર, શરીરનો કોઇપણ ભાગ, વનસ્પતિ, ખનીજ, કે ભૂમી, એમાંની કોઇ પણ ચીજ પૂજ્ય એટલે ઇબાદત કરવાને લાયકની નથી, પૂજા કરવાને લાયક, સૌ કોઇના માલિક અર્થે તાબેદારી કરવાને લાયક ફકત એક "અલ્લાહ" છે કે જે દરેક ચીજને પેદા કરનાર, પાલન પોષણ કરનાર, જીવાડનાર, મારનાર, સઘળા બાદશાહોનો બાદશાહ, સઘળા રાજાઓનો રાજા, સર્વોપરી, સૌનો માલિક, સર્વશક્તિમાન, મોટાઇના દરેક ગુણવાળો, હલકાઇના દરેક ગુણથી પાક છે જે હમેશથી છે અને હમેશ સુધી રહેશે, અને સૌ વસ્તુઓને જાણનાર છે, જે કે કદી મરજવાન નથી, જેનો કોઇ પેદા કરનાર નથી, બાલ બચ્ચાઓથી અથવા મા બાપથી અથવા કોઇની સાથે કોઇ પણ તરેહનું સગું કે સબંધ રાખવાથી જે પાક છે અને કોઇ પણ બાબતમા તેના જેવો બીજો કોઇ નથી બીજા ફકરામા સાફ સાફ જણાવવામા આવ્યુ છે કે (હઝરત) મોહમદ તો અલ્લાહના માત્ર રસુલ છે એટલે અલ્લાહ આલિ-મુલ મુલકના તરફથી તેના સઘળા બંદાઓ એટલે આદમીઓ અને જિન્નોને તેના હુકમો પોહચાડવાના અને તેની રાજી નારાજીના કામો બતલાવી દેવાના અને તેની ઝાતને તેના લાયકના ગુણો સાથે ઓળખાવી દેવાના મહાન ઓહદાપર તેના તરફથીજ નીમાયલા છે એવી રીતે ખરા દિલથી માની દરેક માણસે પોતાની જીભથી એકરાર કરવો જોઇએ

જો એ બાબતમા એવી શંકા પેદા થાય કે કલેમામા તો માત્ર એકજ શબ્દ "અલ્લાહ" છે તેમાં આટલા બધા અર્થ અને ગુણો કેવી રીતે સાબેત થઇ શકે? તો તેનો જવાબ એ કે પોતે કુર્આન શરીફમા મજકુર નામની અંદર મજકુર ગુણો અને તે ઉપરાંત બીજા અનેક ગુણોનો સમાવેશ થયલો બયાન કરવામાં આવ્યો છે (જુઓ સુરએ હશ્રનો છેલ્લો રૂકુઅ અને સુરએ કુલ-હોવલ્લા) પણ અફસોસ છે કે "ઓઉમ" શબ્દમા ઇશ્વરનાં કેટલાએક ગુણોનો સમાવેશ થયલો છે કરીને, કુર્આનના મુકાબલામા સાબેત કરવાને દયાનંદજીએ પોતાના સત્યાર્થ પ્રકાશના પહેલા સમુલ્લાસમા ઘણાએ ફાંફા મારેલા પણ વેદો કે શાસ્ત્રોમા તેનો લગારે પત્તો મળતો નથી. તેથીજ સનાતની પંડિતો જેવાકે પંડિત ઇંદ્રામણી અને પંડિત જગન્નાથદાસ મુરાદાબાદવાળાઓએ તે લખાણને કબૂલ રાખ્યું નથી બલ્કે તેનું ખંડન કીધું છે.

બીજી વાત એ કે મજકુર કલેમો કુર્આનમા છે પણ બે ભાગોમા જુદે જુદે ઠેકાણે છે પહેલો ભાગ "લા ઇલાહાઇલલલ્લાહ" પારા ૨૬ ના ૬ ઠા રૂકુઅમા અને બીજો ભાગ "મોહમદુર-રસુલુલ્લાહ" પારા ૨૬ના ૧૨મા રૂકૂઅમા છે એકજ ઠેકાણે નહી હોવાના અનેક કારણો છે, તેમાના બે અહીં લખુ છુ. (૧) એ કે બંને સાથે હોવાથી એ બે ફકરા એક આખી આયત બની જતે અને તેથી મુસલ-

માનો તેને જુલ્મની હાલતમા પઢી શકતે નહીં (૨) એ કે આયત હોવાને લીધે મુસલમાનો વગર વઝુએ તેને હાથ લગાડી શકતે નહીં. પણ મુસલમાનોના મહાન નબી (સલ) બધી દુનીઆઓ માટે રહમત તરીકે મોકલવામા આવેલા હોવાથી કુર્આનની ખુશખબર મુજબ (પારો ૧૭ રૂકૂઅ ૧૭) * મુસલમાનોને મજકુર કલેમો દરેક હાલતમાં પઢવો અને તેને અડકવુ સહેલ પડે એટલા માટે બને ભાગોને વેગળા પાડી આખી આયત ન રાખતાં આયતના વિભાગ બનાવી દીધા છે. ફલિલ્લાહિલ-હમ્દ

મજકુર કલેમો એટલે ખોદાપાકની તૌહીદ સાથે દરેક નબી અને રસુલની ઉમ્મત (અનુયાઇઓ)ને પોતાના રસુલની તસદીક એટલે તેને ખરા દિલથી માનવુ કુર્આને નીચે લખેલી આયતોમાં મુસલમાનોપર ઘણા ખુલ્લા શબ્દોમા વાજિબ કીધેલુ છે—"અલ્લાહપર અને તેના રસુલપર ઇમાન લાવો" (પારો ૪ રૂકૂઅ ૯. પારો ૫ રૂ ૧૭–પા. ૯. રૂ ૧૦–પા ૨૭ રૂ. ૧૭–પા ૨૮ રૂ ૧૫) એટલુ જ નહીં પણ કુર્આને પાક તો કહી રહેલુ છે કે જ્યાં સુધી તૌહીદની સાથે રસુલની રિસાલત અને નબુવ્વતનો એકરાર નહીં કરે ત્યા સુધી મુસલમાન, ઇસલામી થઇ શકતો નથી, અને મોમિન ઇમાનવાળો થઇ શકતો નથી. "ઇમાન લાવનારાઓ તો તેજ લોકો છે કે જેઓ ખોદા અને તેના રસુલપર ઇમાન લાવ્યા અને પછી (તેઓના ફરમાનોમાં જરાએ) શંકા કીધી નહીં." (પારો ૨૬ રૂકુઅ ૧૪) એટલુ જ નહીં પણ જો કોઇ મુસલમાન ખુદાપાકની તૌહીદ (એકત્વતા) એટલે કલેમાના "લા ઇલાહા ઇલ લલ્લાહો" વાળા ભાગને રસુલની રિસાલત (પેગામબરી)ને ખરા દિલથી માન્ય રાખવાના ભાગ "મોહમ્મદુર રસુલુલ્લાહ"થી જુદો પાડવાની, જુદો માનવાની કે તદ્દન કાઢી નાંખવાની કોશિશ કરે અથવા તેમ કરવાનો ઇરાદો કરે તો તેવા માણસને ખુલ્લા શબ્દોમા કુર્આને શરીફે કાફિર ઠેરવ્યો છે, "જે લોકો અલ્લાહ અને તેના રસુલનો નકાર કરે છે અને અલ્લાહ (ની તૌહીદ) અને તેના રસુલો (ની રિસાલતની તસદીક એટલે સાચા દિલથી માનવુ એ બને ભાગો) ને જુદા પાડવાનો ઇરાદો રાખે છે અને કહે છે કે અમે કેટલાક (ભાગ) ને ખરા દિલથી માનીએ છીએ અને કેટલાક (ભાગ) નો નકાર કરીએ છીએ અને (એવીરીતે) તૌહીદ અને અને રિસાલતની) વચ્ચે એવો એક રસ્તો (કે અકીદો) પકડવાનો ઇરાદો રાખે છે (કે જેથી તૌહીદ તો કાયમ રહે અને રસાલતનો અકીદો તદ્દન મટી જાય ત્યારે) એવા (લોકો) ખરેખરા કાફિરો છે" (પારો ૬ રૂ. ૧)

જો આ ઠેકાણે એવી શંકા ઉભી કરવામા આવે કે મુસલમાનોનો તો દાવો એ છે કે ઇસલામ તો દુનીઆની શરૂઆતથી એટલે હઝરત આદમ (અલ.)ના વખતથી ચાલતો આવેલો છે અને તેથી આગલા પેગમ્બરો માટે પણ "લા ઇલાહા ઇલ લલ્લાહ" ની પછી બીજા પેગંબરોનુ નામ પણ "મોહમ્મદુર રસુલુલ્લાહ"ની પેઠે બોલવુ તેઓની ઉમ્મતોપર જરૂરી હોવુ જોઇતુ હતુ તો એને માટે મુસલમાનો પાસે શી દલીલ છે? નહીં તો સાબેત થશે કે આગલા પેગમ્બરોની ઉમ્મતો વાસ્તે એવુ કંઇજ નહીં હતુ, માત્ર મોહમ્મદી ધર્મેજ એ નવો કલેમો ઉભો કરી દીધો

જ. તો તેનો જવાબ એ છે કે આગલા પેગમ્બરોની ઉમ્મતો વાસ્તે પણ પોતપોતાના પેગમ્બરની રિસાલતના એકરાર માટે એવો કલેમો હોવો કુર્આને શરીફથી સાબેત છે. દાખલા તરીકે હઝરત જનાબ ઇસા (અલ)ના સહાબીઓ (રદી.)ને માટે ખોદાપાક ફરમાવે છે કે "જ્યારે (હઝરત ઇસા (અલ.)ની મારફતે તેઓના સાથીઓ

---

* "તે (અલ્લાહ પાક) ફીની હુકમો (તમારે માટે આસાન)મા તમારા પર કોઇ પણ તરેહની સખ્તાઇ વાપરી નહીં.

એટલે) હવ્વારીઓ પર મે વહી મોકલી કે મારાપર અને મારા રસુલ (હઝરત ઈસા) પર ઇમાન લાવો, (પારો ૭ રુકૂઅ ૫).. જુઓ અહીં પણ ખુલ્લી રીતે, ખોદાપાકની તૌહીદની સાથે સાથે તે જમાનાના પેગંબર હઝરત ઈસા (અ૦)ની રિસાલત પર ઇમાન લાવવા વાસ્તે કેવો ખુલ્લો હુકમ છે જે ઉપરથી સાબેત થઇ ગયુ કે હઝરત ઈસા (અલ)ની ઉમ્મત અથવા તે વખતના મુસલમાનો "લા ઇલાહા ઇલ લલ્લાહો, ઇસા રસૂલુલ્લાહ" એવો કલેમો બેશક પઢતા હતા અને તેવીજ રીતે ઉપર લખેલી અને હવે પછી લખાવલી દલીલોથી હઝરત આદમ (અલ.)ના જમાના સુધી દરેક નબી અને રસૂલની ઉમ્મત માટે એવોજ કલેમો હોવો સાબેત થઈ ગયો કે જેનાપર તેઓના ઇમાન અને ઇસલામનો આધાર હતો.

આ ઉપરથી કલેમએ તૈયેબઃ પઢવાનુ કારણુ ખુલ્લી રીતે એજ જણાઇ આવ્યુ કે ખોદાપાકની તૌહીદ એટલે એકજ હોવુ એ માન્યતાની સાથે સાથે દરેક જમાનામા તે વખતમો જે રસૂલ હોય તેને પણ ખરા દિલથી માનવુ એ દરેક રસૂલની રિસાલતના સમયમા જ્યારે સાબેત થાય છે ત્યારે હઝરત મોહમદ (સલ)ની રિસાલતનો દોર શરૂ થાય છે ત્યારથી કેયામત સુધી જે માણસ તૌહીદની સાથે આપ (સલ)ની રિસાલતને ખરા દિલથી કબૂલ નહીં રાખશે એટલે "લા ઇલાહા ઇલ લલ્લાહો મોહમદુર્રસૂલુલ્લાહ" નહીં કેહશે તો તે કદીપણ મુસલમાન ગણી શકાશે નહીં જેવી રીતે ખોદાપાકે ફરમાવ્યુ કે "અલ્લાહ પર અને નબીયીલ ઉમ્મી (એલકાબ ધરાવનારા) તેના રસૂલપર ઇમાન લાવો." (પારો ૯ રુકૂઅ ૧૦) કુર્આનની આવી ખુલ્લી આયતોથી મુસલમાનોના કલેમએ તૈયેબની મતલબ એકજ રીતે સિદ્ધ થઇ ગઇ અને તેમા લેશ માત્ર પણ શિર્ક કે ભાગીઆપણાનો સબંધ નહોવો સાબેત થઇ ગયો ત્યારે એવા કલેમાને શિર્ક કુફ્ર કેહનારા અજ્ઞાની અને ધોકો દેનાર છે એમ ચોક્કસ રીતે શુ સાબેત થતુ નથી?

આર્યસમાજવાળા પણ એ વાતનો દાવો કરે છે કે વેદો ઇશ્વરનો તે ઇલહામ છે કે જે જુદા જુદા ચાર ઋષિઓપર ઉતારવામા કે દિલપર નાંખવામા આવ્યો અને તેમાં શિર્ક નથી * ત્યારેજ તો આજે તેઓ મુસલમાનોના કલેમામા શિર્ક છે એમ લખવા તૈયાર થયા છે પણ હુ કહુ છે કે વેદ ઈશ્વરનો ઇલ્હામ (પ્રેરણા) છે એ અકીદા કે શ્રદ્ધાને ચારે ઋષિઓના જમાનામા મજકુર ઋષિઓ સિવાય બીજા લોકોએ ત્યારેજ માની હશે કે જ્યારે મજકુર ઋષિઓએ પ્રથમતો પોતાનો ઋષિ હોવાનો દાવો પ્રગટ કરી પોતાના આત્મિક (રૂહાની) બળ વડે લોકો પાસે તે કબુલ કરાવ્યો હશે. જ્યા સુધી લોકોએ તે ચારેને ઋષિ તરીકે માન્યા નહીં હશે ત્યાં સુધી તેઓએ વેદોને ઈશ્વરના બનાવેલા કે ઉતારેલા કદિ પણ માન્યા નહીં હશે પણ અફસોસ છે કે ઋગ્વેદાદિ ભાષ્ય ભૂમિકા અને સત્યાર્થ પ્રકાશમાં પંડિત દયાનંદજીના પોતાના કલ્પિત ઘડી કાઢેલા લખાણો શિવાય પોતે વેદો કે ધર્મ ઇતિહાસો કે બીજા કોઇપણ ઋષિ મૂની કૃત ગ્રંથોમાં એ વિષે કઇપણ ખોલાસો મળી આવતો નથી બલ્કે એને ખંડન કરનારી સેંકડો દલીલો

---

* "પ્રથમ સૃષ્ટિની આદિમાં (દુનીઆની શરૂઆતમાં) પરમાત્માએ–અગ્નિ, વાયુ, આદિત્ય તથા અંગિરા એ ઋષિઓના આત્મામા એક એક વેદનો પ્રકાશ કર્યો હતો" (પાનું ૧૯૧). "જેવુ ઇશ્વરનુ નિભ્રમ જ્ઞાન (ભૂલોથી પાક) તેવુ જે પુસ્તકમા ભ્રાન્તિ રહિત (ભૂલો નહીં હોય એવુ ઇલ્મ) જ્ઞાનનુ પ્રતિપાદ હોય, તે ઇશ્વરોક્ત (ખોદાનું બનાવેલુ)...એવા પ્રકારના વેદ છે. (પાનું ૧૯૩) ગુજરાતી સત્યાર્થ પ્રકાશ ૧૯૬૧ના છપાયલાનો ૭ મો સમુલ્લાસ.

મળી આવે છે, (વાંચો આર્યધર્મની કસોટી) ગમે તેમ હોય અહીં મારે એ દેખાડવુ છે કે ખોદાપાકને તે જેવીરીતે પોતાને માનવાને પસંદ રાખે છે તેવીરીતે માનવુ, અને તેના હુકમોને તેનાજ ખાસ સત્ય હુકમો છે એવી-રીતે માનવુ, અને તે હુકમો (ઇશ્વરી આજ્ઞાઓ)-ને, તેઓમા જરાપણ વધઘટ કીધા વગર બજાવી લાવવુ એનો આધાર માત્ર તેજ રસુલ, નબી પેગંબર, ઋષિ કે મૂનિના ખરા અંતઃકરણ પૂર્વક માનવાપર છે કે જે ખોદાપાક તરફથી લોકોને સત્યમાર્ગ દેખાડવાના કામપર નિમાયલા હોય. મતલબ એ થઇ કે દરેક ધર્મ આગેવાન કે સ્થાપકને લોકોએ સૌથી પેહલાં જ્યા સુધી ખોદાપાક અને તેઓ વચ્ચે પ્રતિનિધિ માનેલો હોતો નથી ત્યા સુધી તેઓ કદિપણ તેની સુચનાઓ કે આજ્ઞાઓને આધિન (તાબેદાર) થતા નથી અને એને માટે જરૂરનુ અને ઘણીજ જરૂરનું, સૌથી પેહલુ, દરેક ધર્મસ્થા-પકનુ એ કામ હોય છે કે તેનો જે ઓધ્ધો ખોદાપાક, માલિકુલ મુલ્કના દરબારમાં હોય અથવા બીજા શબ્દોમા કહીએ તો જે ઓહ્દા-પર ખોદાપાકે નીમીને તેને લોકો સમક્ષ મોક-લ્યો હોય તે ઓહ્દાને પ્રથમ પોતાના માન-નારા અને નહીં માનનારા દરેક તરેહના લોકો આગળ તે પ્રગટ કરી દે એ વાત કુર્આને શરીફમાં જુદા જુદા રસુલોના વર્ણનોમા પણ આવેલી છે

દાખલા તરીકે મુસા અને હારૂન (અલ) ફરમાવે છે કે "(ઓ ફિરઔન !) સઘળી દુન્યાના રબ તરફથી બેશક અમે રસુલ (બનાવીને તારી તરફ મોકલવામાં આવ્યા) છીએ (પારો ૧૯ રૂકુઅ ૬) ઇસા (અલ)એ ફરમાવ્યું "ઓ બની ઇસ્રાઇલ (ઇસ્રાઇલ પુત્રો)' બેશક તમારી તરફ હુ અલ્લાહનો રસુલ (બના-વીને મોકલાયો) છુ (પારો ૨૮ રુકૂઅ ૯), હઝરત નૂહે, હૂદે, સાલેહે, લુતે, શોએબે (અલ) પોતપોતાની ઉમ્મતો આગળ કહ્યુ "સઘળા જહાનોના માલિક તરફથી તમારી તરફ હુ રસુલ (તરીકે મોકલવામાં આવ્યો) છુ" કેટલીક આયતોમા છે કે "હું ભરોસાને લાયક (અમીન) પેગંબર છુ)." સુરએ એઅરાફ રુકૂઅ ૮, ૯, શોઅરાઅ રુકૂઅ ૮, ૯, ૧૦). મજકૂર દલીલોપરથી સાબેત થઇ ગયું કે "લા ઇલાહા ઇલ લલ્લાહો" એ તૌહીદના કલેમા સાથે દરેક રસુલ જો પોતાનો હોદ્દો જાહેર કરવાને પોતાનું નામ રિસાલતના ઓહ્દા સાથે જાહેર કરે છે તો તેમા કઇ હરકત નથી અને તેમજ આગલા સઘળા નબીયો એ પ્રમાણે જાહેર કરતા આવ્યા છે તેથી ઇસલામે એ નવો કલેમો ચાલુ કીધો એવો આક્ષેપ (તોહમત) ઇસલામપર મૂકનાર થાતો નબુવ્વતના આ હંમેશના કાયદાથી અજાણ છે અથવા તો તે લોકોને ધોકો દે છે. તેવીજ રીતે ગવર્નરોના ઓહ્દા અને નામને રૈયત જાણી લે માટે જે લખાણ ઉપર મે નકલ કીધુ છે તે રાજ્યદારી કાયદા પ્રમાણે પોતાનો ખરો ઓધ્ધો લોકોમા જાહેર કરી દેવુ એમા નામના મેળવવી કે પ્રખ્યાતિ મેળવવી નબી (સ.)ને મંજુર હતી એવુ જે અજ્ઞાનીઓનું અજ્ઞાની લખાણ છે તેનું પણ ખોટારૂ સાબેત થઇ ગયુ અને જણાઇ ગયુ કે તેઓને માટે પોતાનો ઓધ્ધો જાહેર કરી દેવો કેટલો જરૂરી છે

વળી "લા ઇલાહા ઇલ લલ્લાહ"ની સાથે જ "મોહમદુર રસુલુલ્લાહ" કહેવુ એની એક ખાસ જરૂર એ પણ છે કે "લા ઇલાહા ઇલ લલ્લાહ"નો માનનાર કે પઢનાર એ વાતનો દાવો કરે છે કે આખી ખુદાઇ કે સૃષ્ટિમા ઇબાદત અને તાબેદારીને લાયક અલ્લાહ સિ-વાય બીજો કોઇ નથી. ઇબાદતની સાથે તા-બેદારીનો શબ્દ એટલાજ માટે વાપર્યો છે કે ઇબાદત એ શબ્દમા મઅબુદની તાબેદારીના અર્થ પણ સમાયલા છે આખી દુનિયાના લોકોનો એ કાયદો છે કે કોઇ દાવાને માટે

દલીલ રજુ કરવાને તેઓ ફરજીયાત માને છે તેથી કરીને જે દાવો એવો કરવામાં આવે જેને માટે દલીલ મોજુદ નહીં હોય તે દાવો ખોટો અને રદ બાતલ ગણાય છે, મજકુર દાવો જ્યારે કોઇના મોઢે નીકળે તો તે દાવાને નહીં માનનાર દેહરિયાઓ અથવા નાસ્તિકો તેમજ તેને જુદી રીતે માનનારમુશરિકો તે માણસને જરૂર પૂછવા ઉભા થશે કે ભાઇ તારા મજકુર દાવાને માટે તારી પાસે શી દલીલ છે? તે ક્યાથી જાણ્યુ કે અલ્લાહ સિવાય બીજો કોઈ મઅબૂદ (પૂજ્ય) નથી? અમુક કામો કરવા થકી તે રાજી થાય છે તેથી તેજ કામો કરવા જોઇએ અને જે કામો કરવાથી તે નારાજ થાય છે તે નહીંજ કરવા જોઇએ. એવી સંપુર્ણ તાબેદારીના ફરમાનોની ખબર તને કોણે આપી? અથવા તે ખબરો તે કોની મારફતે મેળવી? ત્યારે ઇસલામી ધર્મે પોતે તેનો બંદોબસ્ત પહેલાંથીજ એવો કરી રાખેલો છે કે "લા ઇલાહા ઇલ લલ્લાહ" ના દાવા સાથેજ તેની દલીલ કહી દેવામા આવે કે "મોહમદુર રસુલુલ્લાહ" એટલે અલ્લાહને એવી રીતે લોકો પાસે ઓળખાવવા માટે અને તેની રાજી નારાજીના કામોથી લોકોને જાણીતા કરવા માટે તેજ અલ્લાહના મોકલેલા મહાન પેગંબર હઝરત મોહમદ (સલ લલ્લાહો અલૈહે વ આલેહી વ સલ્લમ) ને આધારે મે અલ્લાહને સાચો મઅબુદ ઓ-ઓળખ્યો અને તેના ફરમાનો પણ જાણ્યાં, એ મારા મજકુર દાવાની દલીલ છે. ત્યારે એ વિવેચનપરથી સાફ જણાઇ આવ્યુ કે "લા ઇલાહા ઇલ લલ્લાહ" એ દાવો છે અને "મોહમદુર રસુલુલ્લાહ" એ તે દાવાની દલીલ છે તો જ્યારે આખી દુનીઆના લોકોનો એ નિયમ છે કે દાવા સાથેજ દલીલ રજુ કરવી જરૂરની છે ત્યારે એટલાજ માટે "લા ઇલાહા ઇલ લલ્લાહ"ની સાથેજ "મોહંમદુર રસુલુલ્લાહ" કહેવુ આખી દુનીઆના કાયદા મૂજબ વાજિબ સાબેત થયો ફ લિલ્લાહિલ હમ્દ. (હઝરત ઇબ્ને શેરે ખુદા મૌલાના મૌલવી સૈયદ મુર્તઝા હુસૈન સાહેબ દેવબંદી મદ્દ ઝિલ્લોહુની તકરીર)

વળી "લા ઇલાહા ઇલ લલ્લાહો"ની સાથે "મોહમદુર રસુલુલ્લાહ" જે કહેવામા આવે છે એના ભેદને જે માણસ સમજ્યો નહીં તે માણસ ખરૂં જોતાં તોહીદનેજ સમજ્યો નથી ખ્રિસ્તિઓની હાલતથી ઘણાખરા લોકો વાકેફ છે કે તેઓએ પોતાના ધર્મની ઘણી ખરી વાતોમા ધાલમેલ કીધેલો છે જેમાં ઘણી ભારે કોશિશ કરવાથી કંઇપણ સુધારો થઇ શકે છે પણ જે ધાલમેલ તેઓએ તૌહિદમા કીધેલો છે તે તો એવા પ્રકારનો છે કે કોઇપણ રીતે કયામત સુધી તેનો સુધારો હાલની બાયબલને અનુસરીને કોઇપણ કરી શકતુજ નથી. વાચકો જાણે છે કે તેઓએ કલેમએ તૌહીદ "લા ઇલાહા ઇલ્લ લલ્લાહની સાથે "ઇસા રસુલુલ્લાહ" કહેવુ છોડી દીધુ ત્યારથીજ ત્રીદેવ કે તસ્લિસ અથવા ટ્રીનીટિનો શિર્ક, તે ધર્મને બગાડનાર યાહૂદીએ તેઓમાં ચાલુ કરી દઇ હઝરત ઇસા (અલ)ને પોતે ખોદા કે ખોદાનો દીકરો તેઓની પાસે મનાવ્યો એટલુંજ નહીં પણ "એકથી ત્રણ અને ત્રણથી એક" વાળી આયત પણ બાયબલના નવા કરારમાં દાખેલ કરાવી દીધી (જુઓ યોહાનનો પહેલો પત્ર અધ્યાય ૫ની વર્સ ૬-૭-૮ જેને માટે પાદરી મિથર સાહેબ, "નાર્થ ઇન્ડિઆ બાયબલ સોસાયટીની તરફથી મિર્ઝાપુર શહેરના ઓરફન સ્કૂલ પ્રેસમાં ૧૮૭૦માંહા છપાયલી ઉર્દુ બાયબલના નવા કરારના પાના ૩૨૧ના હાશિયાપર, કાઉસમા લખે છે કે "એ શબ્દો (સમાકબલ)ની કોઇપણ જૂની નકલમાં મળી આવતા નથી." મળી આવે ક્યાંથી પાઉલ મહારાજે જ્યાસુધી તેઓમાં દર્શન દીધાં ન હતાં ત્યા સુધી "ઇસા રસુલુલ્લાહ" કલેમએ

તૌહીદની સાથે પડવાનું ચાલુ હતુ, અને ઇન્જીલ પણ ફેરફારથી બચેલી હતી જ્યારથી પાઉલ યાહુદીએ ખ્રિસ્તિઓમા પગ પેસારો કીધો અને ઇન્જીલમાં પોતાના લખાણો દાખેલ કરી તે લખાણોને પણ ઇન્જીલનો ભાગ ખ્રિસ્તિઓ પાસે મનાવ્યો એટલે ઇન્જીલની આયતો પણ બદલાઇ ગઇ, ખુલ્લે ખુલ્લા આવા શિર્કનો અકીદો પણ તેમા દાખેલ થઇ ગયો અને તેથી કરીને કલેમો પણ બદલાઇ ગયો. એજ કારણ છે કે ઇસલામે એટલે મોહમદી ધર્મે પોતાનો સૌથી મોટો રૂકન એ કલેમાને રાખ્યો એટલુંજ નહીં પણ કેયામત સુધી દરરોજ દહાડામા પાચ વખતે આખી ઇસલામી દુન્યાને હોશીઆર રાખવા અને માસ્ટર આત્મારામ જેવા ખોટા હુમલા કરનારાઓના હુમલાને ઉંચ મિનારાઓ ઉપરથી રદ કરવા ઘણેજ ઉંચે અવાજે અઝાન અથવા બાગમા પોકારવાનો હુકમ પણ દીધો વળી દરેક ફકરાને બબ્બે વખતે બોલવાનો કાયદો રાખ્યો ' અશહદો અન લાઇલાહા ઇલ લલ્લાહ" બે વખતે અને "અશહદો અના મોહમદર રસુલુલ્લાહ ' બે વખતે, એટલે (દરેક મુસલમાનનો એજ અકીદો અથવા શ્રદ્ધા છે કે) બેશક અલ્લાહ સિવાય બીજો કોઇ પણ પૂજવાને લાયક નથી એની હુ ગવાહી આપુ છુ (અને) બેશક મોહમદ (તો) અલ્લાહના (માત્ર) રસુલ છે (જેઓના ઓહદામાં કઇ પણ વધઘટ કીધા વગર મુસલમાનો તેઓને એવીજ રીતે માને છે) એની પણ હુ ગવાહી આપુ છુ અને બે વખતે બોલવાનુ કારણ તો જાહેર છે કે કોઇ બાબત માટે તાકીદ કરવી હોય છે અને પોતાની વાતને સામાન મનમા ઠસાવવી મજુર હોય છે ત્યારે તે બાબત કે તે વાતને એક વખતે બોલ્યા પછી બીજીવાર કહેવું માણસ જાતિનો નિયમ છે અહીં પણ ઇસલામી ધર્મે પોતાના તાબેદારોને જાગૃત રાખવા આ નિયમ મુકરર કરી દીધા છે કે તેઓ કલેમઓ તૌહીદ 'લા ઇલાહા ઇલ લલ્લાહે' મોહમદુર રસુલુલ્લાહે"ને હમેશ વળગી રહી ખોદાપાકની તોહીના એકરાર સાથે હઝરત મોહમદ (સલ)ની રિસાલતના એકરારને, આર્યસમાજીઓના, ઇનેલાહલ મઝાહિબવાળાઓ કે રેશ-નૅલિસ્ટોના ભભેરવાથી અથવા ધોકો દેવાથી જુદે નહીં પાડે અને આગળ થઇ ગએલી કેટલીએક કોમોની પેઠે હઝરત મોહમદ (સલ)ને ખોદા, ખોદા બનનાર, ખોદાના અંશ (અકનુમ) ખોદાના દીકરા, ખોદાના ભાગ, ખોદાના વજીર અથવા ખોદાઇના માલેક ગણે નહીં જે કોઇ પણ ઇસલામી ધર્મવાળો કે પરધર્મી દરેક માણસ જેને ખોદાપાકે જરા પણ અકકલ અને સમજ શક્તિ આપી હશે તે જરૂર કબૂલ રાખશે કે આટલી બધી દલીલોપરથી તો ખુલ્લી રીતે સાબેત થઇ ગયુ કે "લા ઇલાહ ઇલ લલ્લાહ"ની સાથે "મોહમદુર રસૂલુલ્લાહ" કહેવાનુ ઇસલામે શિર્ક કરાવવાને માટે નહીં પણ શિર્કની દરેક હવાથી દરેક મુસલમાનને બચાવવા માટે રાખેલુ છે, વળી એટલા માટે પણ રાખેલુ છે કે જો કોઇ હઝરત મોહમદ (સલ)ને રસૂલ માનશે તોજ તે બીજા સઘળા નબીઓ અને રસૂલો (અ॰)ને, કબૂલ નબી અને રસૂલ માનશે કારણ કે જો તે આપ (સલ)ને રસૂલ નહીં માનશે તો જાહેર છે કે જેવીરીતે આગલા નબીઓની ઉમ્મતો પોતાના રસૂલને કામિલ રસૂલ નહીં માનતા ખોદા, ખોદાનો અવતાર, તેને દીકરો અથવા તેનો વિભાગ હાલમા માને છે તેમ આપ (સલ)ની રિસાલતને નહીં માનનાર અગર જો બીજા નબીઓને નબી માનશે પણ તે ગુમરાહીના અકીદા સાથે માનશે જે કુફર અને શિર્ક થશે

આર્યપંથકી તૌહીદપર એક નઝર.

હવે ચાલો પંડિત આત્મારામ આર્ય-પથને પણ જરા તપાસીએ કે તેઓના અકી-

નામાં, વેદોમાં અને સંધ્યા જેવી ભકિતમા ટલી અને કેવી તૌહીદ છે કે જેની હિમાયત ભરોસો રાખી તેઓ ઇસલામી તૌહીદની સાથે તેનો મુકાબલો કરવા મેદાન પડયા છે.'

સૌથી પેહલા પરમેશ્વરની સાથેજ બીજા બે ભાગીઆ તેઓએ બેસાડી દીધા એટલે આત્મા (રૂહ) અને જડપદાર્થ (માદો) જેને તેઓ અનાદિ (અજન્મા) માને છે અને પરમેશ્વરના પેદા કીધેલ માનતા નથી (જુઓ નીચે આપેલી નોટ—), સત્યાર્થ પ્રકાશમા તો ત્રણુજ ભાગીઆ થય, હવે વેદો શુ કહે છે તે તપાસીએ યજુર્વેદ અધ્યાય ૧૪ મંત્ર ૨૦ મા છે કે "અગ્નિ દેવતા છે, વાયુ દેવતા છે, સૂર્ય દેવતા છે, ચંદ્રમા દેવતા છે, વસવ દેવતા છે, રૂદ્ર દેવતા છે, આદિત્ય દેવતા છે, મરૂત દેવતા છે, વિશ્વ દેવ દેવતા છે, બૃહસ્પતિ દેવતા છે, ઇંદ્રિ દેવતા છે, વરૂણ દેવતા છે" અહાહાહા! ત્રણના બાર થયા વળી યજુર્વેદ અધ્યાય ૩૯ના મંત્ર ૬મા પણ, જે મંત્ર મડદાને બાળતી વખતે ભણાય છે, દરેક દિવસનો એકેક નવો દેવતા મુકરર કરી બાર દહાડાના જે બાર દેવતા ગણાવેલા છે તેમા ઉપર જણાવેલા દેવતાઓ ઉપ્રાત (૧) સવિતા (૨) ઋતુ અને (૩) મિત્ર દેવતા વધારે છે એટલે બારના થયા પંદર માસ્ટર આત્મારામજી! હોશિઆર થઇ જાઓ એ ફોજ તો વધતી ચાલી હો

હવે એક બીજી ફોજ આવે છે જેને વેત્સાર ઋષિ મધ પીવાડવા અને દુશ્મનોને દૂર કરવા યજુર્વેદ અધ્યાય ૩૪ ના ૪૭મા મંત્રમાં નીચે પ્રમાણે પોતાની મદદ માટે બોલાવે છે પંડિત દયાનંદ સરસ્વતીનું ફરમાન છે * કે વેત્સાર ઋષિ લોકો પણ એવા મંત્રથી પોતાના દુઃખની વખતે મદદ માંગે. અને તે મંત્ર નીચે મુજબ છે "અગ્યારમા અશ્વનીકુમાર! તેત્રીસ દેવોની સાથે સાથે મધ પીવા આપ આવ્યા કરશો, (અને અમારા) પાપ માફ કરશો, (અને) દુશ્મનોને (ખુવાર કરી), દૂર કરશો, આપ (અમારા) સારા કામોમાં મદદગાર રેહશો, (અને) અમારી ઉમર સારી પેઠે વધારશો" ટીકાકારો જેવા કે સાયણાચાર્ય વિગેરેએ એવા મંત્રો કે જેમા તેત્રીસ દેવતાઓનુ વર્ણન છે તેની ગણત્રી નીચે મૂજબ ગણાવેલી છે, આઠ વસવો, અગ્યાર રૂદ્ર, બાર આદિત્ય, એક યજ્ઞ, અને એક વિજળી મળી કુલ્લે તેત્રીસ થયા હવે ઉપલા પંદર અને આ તેત્રીસ અને અશ્વની કુમાર મળી ઓગણપચાસ, પરમેશ્વરની ખોદાઇના ભાગીઆ નીકળી આવ્યા કારણ કે દોઆ કે પ્રાર્થના તેનાથીજ માગવામાં આવે છે કે જે યતો પોતે ખોદા હોય અથવા તો ખોદાની જાત, ગુણો (સીફતે) અને કામોમા તેનો ભાગીઓ હોય અને અહીં તો ખુલ્લી રીતે સનાતન ધર્મીઓના માનવા પ્રમાણે વેદના એક અધ્યાયના રચનાર ઋષિએ, અને પંડિત દયાનંદજીના લખ્યા મુજબ મજકુર મંત્રના અર્થ કે જ્ઞાન જે ઋષિને પરમેશ્વર તરફથી ઇલ્હામ (પ્રેરણા) થયલા * તે ઋષિએ, થયલા

---

*ઈશ્વર જીવ અને જગતનુ કારણ (ખુદા, રૂહ અને માદો) એ ત્રણ અનાદિ છે [પાનુ ૧૯૮). એ ત્રણેના ગુણ, કર્મ અને સ્વભાવ (સિફતો, કામો અને ખાસિયત) પણ અનાદિ (કોઈના પેદા કીધેલા નહીં તેવા) છે પા ૧૯૯) ૧૯૧૧મા છપાયલ ગુજરાતી સત્યાર્થ પ્રકાશનો સમુલ્લાસ ૮મો

* વાંચો સત્યાર્થ પ્રકાશના ૭મા સમુલ્લાસમા, ઇશ્વરની સ્તુતિ પ્રાર્થનોપાસના, ગુજરાતી તર્જુમાનુ પાનુ ૧૭૩

(૨) જે જે મંત્રાર્થનુ દર્શન જે જે ઋષિને થયું અને જેના પહેલા તે મંત્રનો અર્થ કોઈએ પ્રકાશિત નહીં કરેલો તે તેમણે પ્રથમજ કર્યો અને બીજાઓને ભણાવ્યા પણ ખરા તે ઉપરથી અદ્યાપિ તે તે મંત્રોની સાથે ઋષિના નામ સ્મરણાર્થ (યાદગારીને લીધે) લખાતા આવ્યા છે (ગુજરાતી સત્યાર્થ પ્રકાશ ૭ મા સમુલ્લાસનુ પાનુ ૧૯૪–૧૯૫

માંગી ગ્રાહ્ય કરવાની, દુશ્મનોને નાશ કરવાની, આસમાનોમાં મદદ આપવાની અને ઉમર બક્ષવાની, તેત્રીસ દેવોથી દોઆ માગી છે અને તેઓની પ્રાર્થના કીધી છે અહીં કોઇ આર્ય સમાજી, દયાનંદજીના ફિરકામા આવી જઇ મજકુર નામોના, કે દેવ અથવા દેવતા શબ્દના અર્થ, પરમેશ્વર કરવા ઉભો થાય, તો કે તેઓની હમેશની ટેવ છે તો તેણા ખાણુસે ખુબ યાદ રાખવુ કે જ્યારે વેદો પોતે પોતાના એવા શબ્દોના અર્થ મંત્રોમાજ સ્પષ્ટ રીતે બતલાવી દે તો તે વખતે તે અર્થો વિરૂદ્ધ બીજા કોઇના પણ કલ્પિત અર્થ માન્ય રાખવામા આવશે નહીં એટલાજ માટે યજુર્વેદના ૧૪ મા અધ્યાયનો ૨૦ મો મંત્ર જે સૌથી પહેલા મે નકલ કીધો છે તેમાં ખુલ્લીરીતે વેદે સૌ લોકોને જણાવી દીધુ છે કે ફલાણા ફલાણા નામો દેવ દેવતાના છે પરમેશ્વરના એ નામો નથી એટલે મજકુર નામો ધરાવનારા જુદા જુદા દેવતાઓ છે અને પરમેશ્વર તેઓ સૌ થી તદન જુદોજ છે માટે હે વેદ ભગવાનના નામે-દારો! હોશીઆર રહો અને તેઓને પરમેશ્વરના નામો સમજી વેદ વિરૂદ્ધિઆઓ બની ખોટે માર્ગે દોરાશો નહીં

વેદ વિદ્યાથી અજાણ્યુ લોકો અને ખાસ કરીને અંગ્રેજી ભણેલાઓ, દયાનંદજીએ કીધેલા મજકુર ખોટા અર્થોના ફંદામા ફસઇ નહીં જાય એટલા માટે મારા મજકુર દાવાને વધારે સફાઇથી અત્રે વેદ મંત્રો જ સાબેત કરૂં છું યજુર્વેદના ૭ મા અધ્યાયના ૧૯ મા મંત્રમા તે અધ્યાયના રચનાર ઋષિજી મજકુર તેત્રીસ દેવતાઓને નીચે પ્રમાણે પ્રાર્થના કરે છે, અને એ પ્રમાણે વેદ મજકુરની તાબેદારી કરનારાઓને પ્રાર્થના કરતાં શીખવે છે કે "(હે તેત્રીસ દેવો!) જેઓ પોતાની મહિમા સાથે સ્વર્ગમા અગ્યાર દેવતાઓ છો, અને જેઓ જમીનઉપર અગ્યાર છો અને જેઓ જમીન અને આકાશની વચ્ચેની જગા (ખલા)માં અગ્યાર છો (આપ સઘળા મળીને) આ યજ્ઞને સેવન કરશો." કેમ માસ્તર આત્મારામ! પરમેશ્વરને કોરે મૂકી યજ્ઞને સેવન કરવા બીજા દેવ દેવતાઓને પ્રાર્થના કરવી શિર્ક નથી તો બીજુ શુ છે? અને હવે તો સાબેત થઇ ગયું કે તમારા પોતીકા છપેલા લખાણ મુજબ "વેદોને પરમેશ્વરકે નામકે સાથ દેવ દેવતાઓકે નામ જોડના તો કુફ્ર, દોઆઓ ઔર પ્રાર્થનાઓમે જો ખુદ વેદોંકે રચનાર ઋષિઓ મુનિઓને કી હય, ઔર જીન્હોને વેદ અનુયાઇયોંકો સિખલાઇ હય, કહીંભી પરમેશ્વરકા નામ તક નહીં લીઆ ઇસીવાસ્તે વેદિક તૌહીદ પૂરી કમઝોર તો કયા બલ્કે વેદિક તૌહીદ, તૌહીદ કી પૂરી નાશ કારક હય." વલ-હમ્દો-લિલ્લાહે-અલા ઝાલિક

બીજી એક ઘણીજ જરૂરની વાત મજકુર મંત્રથી એ પણ સાબેત થઇ ગઇ કે પંડિત દયાનંદ સરસ્વતી સાહેબે પોતાના સત્યાર્થ પ્રકાશના પેહલા સમુલ્લાસમા ઇંદ્રિ વરૂણ, રૂદ્ર, આદિત્ય વિગેરે જેટલા દેવ દેવતાઓના નામ વેદો, શાસ્ત્રો, પુરાણો વિગેરેમા આવે છે તે સઘળા નામોને ચૂંટી કાઢી, નાવાકેફોને ધોકાની જાળમા લઇ પોતાની સમાજમા દાખલ કરવા માટે અને પરધર્મીઓ તેને શિર્ક કહે છે એ હુમલાથી પોતાના પંથને બચાવવા માટે પરમેશ્વરના નામો છે એમ દેખાડ્યું છે તે તદન ખોટુ છે, જેના બે ખુલ્લા કારણો છે — (૧) તો એ કે જેમ વેદોએ ખુલ્લી રીતે મંત્રોમા લોકોને જાણીતા કરી દીધા કે જુઓ આ નામો માત્ર દેવ દેવતાનાજ છે (યજુર્વેદ અ ૧૪ મં ૨૦), તેવીજ રીતે વેદોએ એક પણ મંત્રમા ખુલ્લુ જણાવ્યુ નથી કે જેમ મજકુર નામો દેવ દેવતાના છે તેવીજરીતે મજકુર નામો પરમેશ્વરના પણ છે જો એક જગ્યાએ પણ વેદ ભગવાનોએ એવી ચેતવણી આપી

હોત તો પંડિતજીની કંઇ પણ આબરૂ રહી જાત અને તેઓના એ લખાણને ચ્હેરા મળત કે જે શબ્દોના અર્થ જે જગ્યાને યોગ્ય હોય તેવાજ કરવા જોઇએ (૨) એ કે દયાનંદજીના અર્થ લેવા જતાં તો ઘણી મઝા પડવાની, કારણ કે મજકુર મંત્ર તો કહી રહેલો છે કે સ્વર્ગમા અગ્યાર દેવ છે, આકાશ અને જમીન વચ્ચે અગ્યાર દેવ છે અને પૃથ્વીપર અગ્યાર દેવ છે ત્યારે દયાનંદજીના માનવા પ્રમાણે અર્થ એ થયા કે સ્વર્ગમા અગ્યાર પરમેશ્વર છે આકાશ અને જમીન વચ્ચે અગ્યાર પરમેશ્વર છે અને પૃથ્વીપર અગ્યાર પરમેશ્વર છે જેને નહી કોઇ સનાતનધર્મી કબૂલ રાખશે અને નહી કોઇ આર્યસમાજી મંજૂર રાખશે બલ્કે સનાતનધર્મીઓને અતિશય આનંદ થશે કે અમે તો પરમેશ્વરની કૃપાથી આર્યસમાજીઓ કરતા તેત્રીસ કોટી દરજ્જામા વધારે છીએ કારણકે આર્યસમાજીઓને વેદાનુસાર તેત્રીસ દેવ દેવતાઓને માનવા પડયા અને અમે તો તેત્રીસ કરોડ દેવી દેવતાઓને માનીએ છીએ માસ્ટર આત્મારામજી! ઉર્દુમા કહેવત છે કે "જો સુબ્હકા ભૂલા હુવા શામકો ઘર આજાય તો ઉસે ભૂલા નહીં કહતે"

અથર્વવેદ એક બીજી ફોજને પરમેશ્વરની શક્તિના ભાગીદાર બનાવે છે તે સાંભળશો —

"તે પરમાત્માની શક્તિનો ખજાનો તેત્રીસ દેવતાઓ ... પરમાત્માની શક્તિના ... ખજાનાની રક્ષા દેવતાઓ કરે છે ... કોણ જાણી શકે છે" (કાંડ ૧૦-પ્રપાઠક ૨૩ અનુવાક ૪ મંત્ર ૨૩) બધા લોકો જાણે છે કે સર્વશક્તિમાન હોવું એ પરમેશ્વરનું ઉત્તમ ગુણ છે જેને માટે વેદ ભગવાન ... કહે છે કે પરમેશ્વરના મજકુર ગુણને કાયમ રાખનાર તેત્રીસ દેવતાઓ છે અને તે દેવતાઓ પરમેશ્વરમા તે ગુણને કાયમ રાખવાની હમેશ રક્ષા (સંભાળ) નહીં કરે તો એકલા પરમેશ્વરથી તે ગુણ તેની જાતમા સંભાળી શકાશે નહીં પંડિત આત્મારામજી! આ બીજી ફોજ તો એવી સર્વશક્તિમાન નીકળી આવી જે પરમેશ્વરના સર્વશક્તિવાન હોવાના ગુણને પણ પોતાની શક્તિથી સંભાળનારી છે અને પરમેશ્વર તેઓનો મોહતાજ છે. વળી મંત્રના છેવટના શબ્દો એ વાતની પણ તફસીલ કરી રહ્યા છે કે તેઓ સર્વજ્ઞ (સૌ ચીજોને જાણનારા) પણ છે કારણ કે તેઓ સિવાય બીજું કોઇપણ તે ખજાનાને એટલે પરમેશ્વરની તાકાત કે શક્તિને જાણી પણ શકતું નથી ત્યારે ચાલો સરવાળો કરીએ ઉપર ઓગણપચાસ આપણે ગણ્યાજ હતા તેમા આ તેત્રીસ ઉમેર્યા એટલે થયા બ્યાસી

એ તો વેદોને માનતા કેટલાક દેવતાઓને પણ માનવા પડયા હતા તેનો દેખાવ હતો. હવે ખાસ સંધ્યા એટલે પૂજા અથવા ઇબાદતના એક ભાગની સીનરી પણ દેખાડું છું સનાતન ધર્મીઓમા સંધ્યા ત્રણ વખત એટલે સવારે બપોરે અને સાંજે થાય છે સનાતનીઓમા ખોદા પાકનું નામ તો શું જરાએ ધ્યાન પણ આખી ઇબાદતમા કરવામા આવતું નથી તે એવી રીતે કે આંખો બંધ કરી વિષ્ણુની મૂર્તિનું ધ્યાન પોતાની ડુંટીમા એ પ્રકારે કરે કે કાળો રંગ, ચાર હાથ, હાથોમા શંખ, ચક્ર અને વજ્ર (ગોરૂજ) લઇ ઉભેલા છે. પછી બ્રહ્માની મૂર્તિનું ધ્યાન છાતીમા એ પ્રકારે કરે કે લાલ વસ્ત્ર, ચારમૂખ અને કમળના ફુલમા બેઠેલા છે પછી મગજ ઉપર મહાદેવની મુર્તિનું એ પ્રકારે ધ્યાન કરે કે તેઓની ત્રણ આંખો, પાંચ મુખ, સફેદ વસ્ત્ર અને માથાપર ચાંલ્લો છે અને મ્હોથી મંત્રો પઢે.

મંત્રો તો ઘણા છે જેઓમા ભાગ્યેજ ખોદાપાકનું નામ એકાદ ઠેકાણે આવતું હશે પણ સંધ્યામા સૌથી ઉત્તમ મંત્ર ગાયત્રી

અથવા સાવિત્રી મંત્ર છે જેને સનાતન ધર્મીઓ અને આર્યસમાજીઓ એકમતે માને છે. સનાતનીઓ તો માને છે કે તેના જાપથી સઘળા પાપથી બ્રાહ્મણો પવિત્ર થઈ જાય છે, બધી મુરાદો (ઇચ્છાઓ) તેને પઢવાથી પૂરી થાય છે, બ્રહ્મા, વિષ્ણુ, શિવ અને વેદ ભગવાનો ગાયત્રી મંત્રથીજ જાહેર થયા છે, પંડિતોને એ મંત્રથીજ મુક્તિ (નજાત) મળે છે, અગર જો તેઓ ધર્મની બીજી ફરજોને છોડી દે. મનથી બીક દુર થાય છે, દુઃખ નિવારણ થાય છે, એ મંત્ર ભણનારને કોઇપણ પાપ નુકશાન કરતો નથી. સ્કંદ પુરાણમાં છે કે વેદોમાં ગાયત્રીથી શ્રેષ્ઠ કોઇ ચીજ નથી. ગાયત્રી વેદ ભગવાનોની અને બ્રાહ્મણોની મા છે, તેના પઢનારની હિફાઝત (રક્ષણ) કરે છે એ ગાયત્રી મંત્રને માટે આર્ય સમાજના સ્થાપક (બાની) દયાનંદજી સત્યાર્થ પ્રકાશના ત્રીજા સમુલ્લાસની શરૂઆતના પાનાઓમાંજ ફરમાવે છે કે "માતા પિતા (માબાપ) કે અધ્યાપક (ઉસ્તાદ) પોતાનાં બાલક બાલકીઓને (છોકરા છોકરીઓને) અર્થ સહિત ગાયત્રી મંત્રનો ઉપદેશ કરે (શીખાડે) (પાનુ ૩૩) પછી ૩૬મા પાનામા સંધ્યોપાસન જેને બ્રહ્મયજ્ઞ પણ કહે છે તેવી ખાસ પૂજા કે ઇબાદતની વખતે હોકમ આપે છે કે "જલ સમીપ સ્થિત થઇને નિત્ય કર્મને કરતો થકો, સાવિત્રી અર્થાત ગાયત્રી મન્ત્રનુ ઉચ્ચારણ, અર્થજ્ઞાન અને તદનુસાર પોતાના આચરણ કરે, પરંતુ એ જપ મનથી કરવો એજ ઉત્તમ છે." એટલે પાણી પાસે બેસીને રોજીંદુ એ કામ કરે અને ગાયત્રી કે જેનુ બીજુ નામ સાવિત્રી મંત્ર છે તેને પઢે, તેના અર્થોને ખુબ વિચારે અને તે પ્રમાણે પોતાની ચાલચલગતને સુધારે. (જુઓ) ગુજરાતી સત્યાર્થ પ્રકાશ જગદીશ્વર છાપખાના મુંબઇમાં ૧૯૬૧માં છપાયલ). એવોજ હોકમ પોથી પંચ મહાયજ્ઞ વિધિમાં નિત્યકર્મ વિધિમાં અને પંડિત રામનાથની બનાવેલી પોથી સંધ્યા પદ્ધતિમાં છે.

પંડિત દયાનંદ સરસ્વતિને અને તેઓની સમાજને ખોદાપાકની તૌહીદને માનવાનો ઘણો મોટો દાવો છે તેથી કરીને જે ગાયત્રી મંત્રની આટલી બધી તારીફો અને ખાસ હુકમ છે તેના અર્થોને જરા તપાસીએ કે તેમાં તૌહીદ કેટલા દરજ્જાની ભરેલી છે. તે મંત્ર એવી રીતે છેઃ—
"ઓઉમ ભુભુંવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ, ધિયો યો નઃ પ્રચોદયાત." એ મંત્ર યજુર્વેદમા અધ્યાય ૩૬નો ૩જો અને અધ્યાય ૨૨નો ૯મો અને અધ્યાય ૩૦નો ૨જો મંત્ર છે એટલે મજકુર વેદમા ત્રણ જગ્યાએ આવેલો છે અને મજકુર ત્રણે ઠેકાણે મંત્રને મથાળે લખ્યુ છે કે આ મંત્ર સવિતા દેવતાની પ્રશંસા (તારીફ) મા વૈશ્વામિત્ર ઋષિએ બનાવ્યુ છે વળી અલાહબાદથી પ્રગટ થતો કાયસ્થ સમાચાર તા. ૧૨ જાનેવારી ૧૮૯૧ના પોતાના અંકના ૬૧મા પાનામાં લખે છે કે ગાયત્રી મંત્રના રચનાર વૈશ્વામિત્રજી છે સનાતનીઓ અને આર્યસમાજીઓના આગેવાન મનુ મહારાજ પોતાની મનુસ્મૃતિના બીજા અધ્યાયના ૭૬ ૭૭ શ્લોકોમા ફરમાવે છે કે "ઓઉમ"ના ત્રણે અક્ષરોને અને બાકીના ગાયત્રી મંત્રને બ્રહ્માજીએ વેદોથી દોહ્યા (કાઢ્યા) છે ત્યારે તમાશો જોવા લાયક એ થયો કે, દયાનંદજીના મત પ્રમાણે વેદો ઇશ્વરનો કલામ મનાય છે તેથી ગાયત્રી મંત્ર ઇશ્વરનો બનાવેલો હોય પણ વેદ ભગવાન પોતે કહે છે કે એ વૈશ્વામિત્ર ઋષિનો બનાવેલા છે તેવીજ રીતે કાયસ્થ સમાચારવાળા સનાતની પંડિતજી પણ કહે છે અને મનુજી મહારાજ કહે છે કે એ વેદ મંત્ર નથી પણ બ્રહ્માજીએ વેદના મંત્રોનો સત્વ (જોહર) કાઢી પોતે એ મંત્ર બનાવેલો છે. વળી સ્કંદ પુરાણ કહે છે કે ગાયત્રી

મંત્રમાથી વેદો નીકળ્યા, ત્યારે એ મંત્રની સનદ તપાસતા શોધનારને કઇપણ પત્તો મળતો નથી કે એ મંત્ર ક્યાંથી આવ્યો.

એના અર્થો તપાસવા બેસીએ છીએ તો દયાનંદજીએ એના અર્થ પરમેશ્વરની તારીફના કર્યા છે (જુઓ સત્યાર્થ પ્રકાશના ત્રીજા સમુલ્લાસના શરૂઆતના પાના) એ બાબત યાદ રાખવાની વાત એટલીજ છે કે દરેક ભાષાના દરેક શબ્દના અર્થ ઘણુ કરીને બેજ રીતે માન્ય રાખવામા આવે છે (૧) લુગત શબ્દાર્થ કે ડિક્ષનરીમા જે આપેલા હોય છે (૨) તે ભાષા જે ધર્મવાળાઓની ખાસ હેય છે તે ધર્મવાળાઓએ ધર્મની બાબતોમા તે શબ્દના જે અર્થ કીધા હોય તે લેવાય છે ત્યારે દયાનંદજીએ જે અર્થ કીધા છે તે અર્થો ગુજરાતી કે સંસ્કૃત ડિક્ષનરી (લુગાત)મા મળી આવતા નથી જેને માટે પાતે માસ્ટર આત્મારામજીનુ કેહવુ ખુલ્લી દલીલ છે કે "(મંત્રો અને શ્લોકોના) સ્વામી (દયાનંદજી) ના ભાષ્ય (અર્થો કે તફસીર) અંગ્રેજી ભણેલાઓને ફાંદામા લેવા માટેના છે" (જુઓ આર્યપત્ર હિતકારી તા ૨૪-૧૧-૧૯૦૫ પા૦ ૫ કા ૨) વળી પોતે દયાનંદજીનુ માનવુ છે કે આર્યધર્મ દુન્યામા ચાલુ થવાને એક અબજ છન્નુ કરોડ વર્ષ થયા (જુઓ ૧૯૫૪ ના ઉર્દુ સત્યાર્થ પ્રકાશનુ ટાઇટલપેજ) જે વખતથી વેદો અને શાસ્ત્રો સનાતન ધર્મીઓના કબજામા છે વાસ્તે સનાતન ધર્મીઓની લુગાતમા અને તેઓના ધર્મપુસ્તકોમા જે અર્થ મજકુર મંત્રના આપ્યા હશે તેજ માનવામા આવશે, દયાનંદજી અને તેઓના ચેલાઓ એ અબજ વર્ષથી ચાલતા આવેલા અર્થોને ખોટા ઠેરવી શકતા નથી તેથી કરીને સનાતન પંડિતોએ એ મંત્રના શા અર્થ કીધા છે તે લખુ છુ -

લુધિયાણાની પાસે પટિયાળા દેશી રાજ્યના કસ્બા પાયલના રેહનાર પંડિત અનંતરામ કોરેમલજીએ એ ગાયત્રી મંત્રના અર્થ આવી રીતે કીધા છે કે, "ઓઉમ" એ શબ્દ ત્રણ અક્ષરોથી બન્યો છે (૧) અકાર (૨) ઓકાર (૩) અર્ધમકાર જેમા "અકાર" વિષ્ણુનુ નામ છે, "ઓકાર" મહાદેવનુ નામ છે અને "મકાર" શક્તિદેવીનુ નામ છે આ ઉપરથી સાબેત થઇ ગયુ કે દયાનંદજીએ સત્યાર્થ પ્રકાશના પહેલા સમુલ્લાસમા "ઓઉમ" શબ્દના જે અર્થ કીધા છે તે તેઓના પોતાના ઘડી કાઢેલા કલ્પિત છે જે કોઇપણ ડિક્ષનરીમા મળી આવતા નથી, પછી "ભુર" એટલે પૃથ્વી "ભુવ" એટલે આકાશ અને "સ્વ." એટલે સ્વર્ગ છે બાકી રહી ગયલી ઇબારતના અર્થ એ છે કે "અમે સુર્યના મોટા અજવાળાપર ધ્યાન ધરીએ છીએ તે અમારા દિલને રસ્તો બતાવે"

સુના કરતેથે શોર પેહલુમે દિલ્કા
જો ચીરા તો એક કતરએ ખુ ન નિકલા

મજકુર અર્થોની નકલો હજારોની ગણત્રીમા હિંદુસ્તાનના જુદા જુદા છાપખાનાઓમા ઉર્દુ ભાષામા બાર વખત છપાઇ પ્રગટ થઈ ચુકી છે પણ આજ સુધી કોઇ પણ પંડિતે તેને ખોટા ગણ્યા નથી બલ્કે તેને કેવી રીતે ટેકો આપ્યો છે તે નીચે લખુ છુ

એ મંત્રમા "સવિતા" શબ્દ છે જેના અર્થ સૂર્ય કે સુરજ છે (જુઓ દલાલ કૃત શબ્દાર્થ સિંધુ પાનુ ૨૫૦મા ભાસ્કર શબ્દના અર્થ) એટલે એમા ખુલ્લીરીતે સવિતા દેવતા એટલે સુરજની પૂજા છે તેટલાજ માટે "સૂર્ય નારાયણ ઉપનિષદ"મા સૂર્યની સામે બેસી ગાયત્રી ભણવાનો હુકમ છે. અને તેથીજ તેમા ખોદાપાકને છોડી સુરજથી હિદાયતનો રસ્તો માગેલા છે વળી તેમા મોટી ખૂબી એ છે કે દયાનંદજી એવા શિર્કથી ભરેલા મંત્રને દિલથી જાપ કરવાને ઉત્તમ માને છે (સત્યાર્થ પ્રા. ૩૬) સનાતન ધર્મી મહાન પંડિત સ્વામી

શ્રી આત્મારામજીએ ૧૮૯૨માં અમેરિકાના માર્કંડ નામનું જે પુસ્તક દયાનંદજીના ખંડનમાં પ્રગટ કીધું હતું તેના ચોથા મયુખના ગુજરાતી તર્જુમામાં, જે મુંબઈના ગુજરાતી પ્રીંટિંગ પ્રેસમાં ૧૯૦૮માં છપાયલો છે. ઉપલી વાતના ટેકામાં તેઓ લખે છે કે "સૂર્યની ઉપાસના તો, સર્વ વેદસારભૂત ગાયત્રી જ પ્રતિપાદન કરે છે" એટલે સૂરજને પૂજવાનો હુકમ પોતે ગાયત્રી મંત્રમાંજ ખુલ્લે ખુલ્લો છે. (જુઓ પાનું ૫૯—૧લી આવૃતિ)

સત્યાર્થ પ્રકાશના ત્રીજા સમુલ્લાસમાં સંધ્યા કરવાના બયાનમાં તેના જુદા જુદા ભાગો દયાનંદજીએ બતલવ્યા છે જેવા કે પ્રાણાયામ, મનસા પરિક્રમણ, ઉપસ્થાન અઘમર્ષણ વિગેરે (જુઓ ગુજરાતી તર્જુમાનું પાનું ૩૬) તેમાં મનસા પરિક્રમણને અહીં દેખાડું છું જેમાં કેટલાક દેવતાઓનેજ પોકારવામાં અને તેઓથીજ મદદ માગવામાં આવે છે ખોદાપાકનું નામે નથી તેમજ છએ દિશાએ મ્હોં કરી દરેક દિશાના માલેક જુદા જુદા દેવતાની પૂજા કરવામાં આવે છે, જો મુસલમાનો જો કિબ્લા તરફ એકજ દિશાએ નમાઝ પડતી વખતે મ્હો કરે છે તો તેઓને દિશા પુજનાર કહેવા એ લોક હમેશ તૈયાર રહે છે છ દિશાના આ છ મંત્રો અથર્વ વેદ કાં. ૩ અધ્યાય ૬ વર્ગ ૨૭ના છે પેહલા જે મંત્રના પૂર્વ દિશાના માલેક અગ્નિ દેવતાને શત્રુનો (દુશ્મનો)ને મારવાને નમસ્કાર કરવામાં આવે છે તેને "પ્રાચીદિગગ્નિ" કહે છે બીજાને "દક્ષિણાદિગિન્દ્રો" કહે છે કારણ કે તેમાં દક્ષિણ દિશાના માલેક ઇંદ્ર દેવતાને દુશ્મનોને મારવાને કહી વિછી, કીડા, મંકોડાથી બચાવવા મદદ માગી નમસ્કાર કરવામાં આવે છે ત્રીજાને "પ્રતિચ્ચી દિગ વરૂણો" કહે છે તેમાં પશ્ચિમના માલેક વરૂણ દેવતાને નમસ્કાર કરવામાં આવે છે જેથી એ પૂજા કરનારને મોટા સર્પ અને અજગરો અને રાક્ષસોથી તે બચાવે ચોથાને "ઉદીચી દિક્સોમો" કહે છે તેમાં ઉત્તર દિશાના માલેક સોમ દેવતાને, એના દુશ્મનોને વીજળી જેવા તીરોથી મારે એટલા માટે નમસ્કાર કરે છે પાંચમાને "ધ્રુવાદિગ્વિષ્ણુ" કહે છે કારણ કે નીચેની દિશાના માલેક વિષ્ણુ મહારાજ એને ચાહે અને એના દુશ્મનોનો નાશ કરે તેથી તેઓને નમસ્કાર કરે છે છઠ્ઠાને "ઉર્ધ્વાદિગ્ બૃહસ્પતિ" કહે છે કારણ કે ઉપરની દિશાના માલેક બૃહસ્પતિ દેવતાને પુજા કરનાર નમસ્કાર કરી તેની તારીફ કરે છે,

ઉપર ખાસ વેદ મંત્રથી હું સાબેત કરી ચુક્યો છું કે અગ્નિ, ઇંદ્ર વિગેરે દેવતાઓજ છે પરમેશ્વરના નામો નથી જેથી વાચકોને જોઇએ કે ધોકો દેનારના ધોકામાં આવે નહીં, કારણકે સનાતન ધર્મીઓના અને આર્યસમાજીઓના સત્યાર્થ પ્રકાશના સમુલ્લાસ ૩ના લખાણ મૂજબ એકમને માનીતા યાસ્કમૂનીના રચેલા પુસ્તક નિઘણ્ટુના અધ્યાય ૨ ખંડ ૧૬ માં ખુલ્લુ લખ્યુ છે કે પરમેશ્વરના ચારજ નામો છે જો વધારે હોત તો તેઓને આવા મહાન મૂનિજી જરૂર લખતે જેથી સાફ જણાઇ ગયુ કે દયાનંદજીએ સત્યાર્થ પ્રકાશના પેહલા સમુલ્લાસમા જેટલા નામો લખ્યા છે તે એઓની પોતાની બનાવટના છે વેદ શાસ્ત્રોમા તેનો જરાએ પત્તો નથી અને તે ઉપરથીજ સિદ્ધ થઇ ગયુ કે દયાનંદજીએ પોતાની ઋગ્વેદાદિ ભાષ્ય ભુમિકા અને યજુર્વેદના ભાષ્ય (તર્જુમા)મા જે જે મંત્રોમા અગ્નિ ઇંદ્ર વિગેરે વગેરા દેવતાઓના નામે, અને તેઓની તારીફો, તેઓથી મદદ માગવી, તેઓની પુજા કરવી વિગેરે આવે છે તેને ખાસ એટલા જ માટે બદલી કાઢી કે પર ધર્મીઓની આગળ વેદોમાં બુત પરસ્તી (પ્રતિમા પુજન) નથી એ દેખાડવામા આવે તે દરેક ઠેકાણે પરમેશ્વરનુ નામ લાવી જોડવી દીધુ છે જે ભોલા-ભોલા મુસલમાનોને જોઇએ કે હમેશ હોશિ-

આર રહે અને એવા મંત્રોના અર્થ સનાતની પંડિતોએ શા શા કીધેલા છે તે જાણ્યા વગર કુરાન હજીના અર્થો પર જરાએ ભરસો કરે નહીં

ત્યારે માસ્ટર સાહેબ! બીજે કોઇ ઠેકાણે નહીં તો માત્ર સંખ્યામા તો હિંદુઓએ ઇશ્વર' એટલી કૃપા કરવી હતી કે તેમા ફક્ત તેનાજ નામને પોકારાય અને તેનાથીજ દરેક વસ્તુ માગવામા આવે અને તેનેજ નમસ્કાર કરવામા આવે હવે કઇ જગ્યા મુસલમાનોને એવી બતલાવશો કે જે ઠેકાણે હુ હતા હિંદુ ધર્મમા તૌહીદ મળી આવતી હોય વખત આવતા એ બાબતપર વધારે અજવાળું ઈ૦ અ૦ તઆલા હુ તે વખતે નાખીશ જ્યારે વેદોમા બુતપરસ્તી (પ્રતીમા પુજન) સાબેત કરવાને મારી કલમ ઉપાડીશ અહીં તો આટલાપર બસ કરું છું. કારણકે ફક્ત એટલું ઇન્સાફી માણસને માટેનું જોઇએ તે કરતાં વધારે છે પણ માસ્ટર સાહેબ! આ લાંબા લખાણો લખવામાં ખોદાની તૌહીદના ભાગીઆ અને શરીક ઠેર દેવતાઓની ગણત્રી ગણવાની તો રહીજ ગઇ. ઉપર કરની સંખ્યાએ આપણે પહોંચ્યા હતા. આપત્રી અને તેમાં "વિષ્ણુ મહાદેવ અને શક્તિ દેવી મળી ગણનો વધારો કરી દીધો એટલે પચ્યાસી થયાં માસ્ટરજી! "દેખીતી આખમાં ધુળ નાખવી" તે એનુંજ નામ. એટલું બધું શિર્ક (ખોદાઇમાં ભાગીઆપણું) પોતાના ધર્મનાં હોવા છતા ઇસલામ જેવા તૌહીદથી ભરપૂર દીનપર શિર્કનો આરોપ મુકવા તમે તૈયાર થયા. ધન્ય છે તમારી હિંમતને!

મોહ. ભય અને લોભ વડે દુનીઆમાં ઇસ્લામ કદિએ ફેલાયો નથી એનુ માટે એક પ્રખ્યાત અમેરિકન ખ્રિસ્તિ વિદ્વાનની તાજી ગવાહી.

મી. જે. એ ઓમાલી, ન્યુયૉર્કના "નિગ્રો વર્લ્ડ" નામના અખબારમા નીચે પ્રમાણે દર્શાવે છે—આફ્રિકાની પ્રજાના અથવા આફ્રિકાની પેદાશના લોકોના સંઘટ્ટનની વાત તો દૂર રહી કે જેની શક્યતા ગોરા લોકોને એક ભયંકર ધભરાટ સમાન છે પણ ગોરો માણુસ તો હમેશા બીક અને ધભરાટમા રહે છે કે ઇસલામ સિધીઓનુ કદાચ (સર્વ માન્ય) ધર્મ બની જાય. અને તે પ્રમાણે થવુ પણ કેમ ન જોઇએ? ઇસલામ રંગીન પ્રજાના જીવનમા એક અજાએબી ભરેલુ ધાર્મિક જોમ પેદા કરીને આપણુને સામાન્ય લાગણી અને સ્નેહના બંધનમા જોડી દે છે તે વખતે આપણે એક ખુદા એક ઇચ્છા અને એક કિસ્મતના આપણા મુદ્રા લેખમાં "એક" ભાષા એવા શબ્દો ઉમેરી શકીએ અને તે ભાષા અરબી હોય તે ભાષાને સીધિઓની સર્વમાન્ય ભાષા સહેલાઇથી બનાવી શકાય અને આફ્રિકાની અંદર જુદી જુદી જાતો વચ્ચે જે બંધનોનો વિરોધ આપણુને આપણી સામે ખડો રહેલો છે તે નાબુદ કરી શકાય. અરબી ભાષા લાખો સીધિઓ બોલે છે.

ઘણા ખરા ગોરા પાદરીઓ પોતાના સ્વદેશ ખાતાના ધર્મ પ્રચારક (તબલીગે દીન) ખાતાના ભંડોળને વધારવાની ઇચ્છાથી ખ્રિસ્તિ ધર્મમાં અમુક 'અમુક સંખ્યા દાખેલ થઇ એવું કહીને તેઓની કલ્પના શક્તિને ઉત્તેજીત કરે છે અને આપણી પાસે એવુ મનાવે છે કે ત્યાંના ગરીબ નાસ્તિકો શાંતિ અને સુખને માર્ગે લઇ જનારા ગોરા લોકોને જોવાને વધારે આતુર છે... ...બીજાઓને ગુલામ બનાવવાની અને લુંટવાની પોતાની પ્રકૃતિ વધારે

શુદ્ધિપત્ર.

પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧	૩૩	(બાકબથ)	(બાયબલ)
૬	૩૨	સામાન	સામાના
૯	૮	જુદે	જુદો
૧૦	૧૫	રૂકે	રૂકો
૧૦	૨૨	સીફતે	સીફતો

સેહલી અને સલામત બને તેટલા માટે આફ્રિકાના વતનીઓને ખ્રિસ્તિ બનાવવાની તે લોકોની ગમે તેટલી ઝનૂની કોશીશે હોવા છતા આફ્રિકાનો વતની ધીમે ધીમે પણ ખાત્રી પુર્વક એમ માનતો જણાય છે કે ક્રૉસ (સલીબ) ના કરતા ક્રિસેંટ (હિલાલ)ની છાયા નીચે રેહવાથી પોતાની ઇચ્છાઓ વધારે સારી રીતે તે પાર પડી શકશે અંગ્રેજ હાકેમો કોઇ કોઇ વખત અજાણે કબુલ કરી દે છે કે ખ્રિસ્તિઓના કરતા મુસલમાન રહેવાશીઓ બુદ્ધિમા, નીતિમા અને લડાયક શકિતમા ઘણા ચઢિઆતા છે

(ઇસલામી) ધર્મનો વધતો જતો ફેલાવો —શ્રી ઓ.માલી આગળ જણાવે છે કે—"ઇસલામ તેના અનુયાઇઓ (તાબેદારો)ને બહાદુર, સ્વમાનવાળા, ઉદાર અને મોટી મોટી ઉતકંઠાવાળા થવાને શીખવે છે અને પોતાના ખ્રિસ્તિભાઇ કે જે પોતાના હક પાછા મેળવવાને ભલા ગોરા આદમીની મદદની રાહ જુએ છે તેનાથી ઉલટીજરીતે, પેગંબર (સાહેબ)નો તાબેદાર, પોતાના પવિત્ર (મઝહબી) હક અને આબરૂના બચાવમા તરવાર ખેચવાને હમેશા તૈયારજ હોય છે હાલમા ગયા થોડાક વર્ષમા આફ્રિકાના અંદર પાંચ કરોડ ત્રીશ લાખ રહેવાશીઓએ ઇસલામી ધર્મ સ્વીકાર્યો છે દક્ષિણ ન્યાસાલેન્ડમા કે જ્યાં ૧૯૦૦ની સાલમાં એક પણ મુસલમાન રહેવાશી માલમ પડ્યો ન હતો ત્યાને આખા દેશમા ઠેરઠેર મસજિદો બાંધી રહેવી છ ગઇ સાલ હતા, અને કેપની વચ્ચેના પ્રદેશમા દશ લાખ રહેવાશીઓએ ઇસલામી ધર્મ ગ્રહણ કર્યો છે ઇસલામના ઝુંડા નીચે મસજીદમા કે રાજ્ય કારોબારમા એક સિધિ પણ કોઇપણ જાતની પદ્દિ મેળવવાની ઇચ્છા કરી શકે છે અને મેળવી પણ શકે છે અને ઇસલામ ભેદભાવ કે છુટાપાડવાની વાત વિશે કંઇ જાણતો નથી હા, ઇસલામ એ ઠમ ફેલાતોજ જાય છે અને ફકત આફ્રિકામાજ નહીં પણ આ યુનાઇટેડ સ્ટેટસમા પણ ફેલાતો જાય છે. અમેરિકામાં ત્રણ મહિનની અંદર સો કરતાં વધારે માણસોએ ઇસલામી ધર્મ ગ્રહણ કર્યો છે. ઇસલામનો ફેલવો યુનાઇટેડ નેગ્રો ઇસલામિક એસોસિએશન (નામના) મંડળનાળાઓને મદદ કરે છે એટલુજ નહીં પણ ફાયદો કરી આપે છે ગ્રેટ બ્રિટન (અંગ્રેજોનુ રાજ્ય) ફ્રાન્સ, સ્પેન અને ખરી રીતે કહીએ તો તમામ ગોરી પ્રજા ઇસલામી ધર્મથી બીએ છે તેમાના કોઇથી પણ ઇસલામને નાખુશ કરવાનુ પરવડી શકે તેમ નથી હિંદુસ્તાન, ચીન, અરબસ્તાન, ઈરાન, અફઘાનિસ્તાન અને તુર્કસ્તાનના કરોડો મુસલમાનોને સીધિઓ પોતાના કીમતી દોસ્ત બનાવી શકે છે. (જુઓ તા ૧૮ મી સેપ્ટેમ્બર ૧૯૨૩નો "ધી ક્રૉનિકલ" પા ૬ કાલમ ૬.)

[illegible]

"[illegible] હિંદ" નામનુ પુસ્તક [illegible] હિંદુસ્તાનમા [illegible]મા [illegible]
[illegible]નુ તેને તરજુમો ગુજરાતી ભાષામાં [illegible] પણ [illegible] આ[illegible]
[illegible]મા છપાયો છે, એમા કર્તાએ માત્ર હિંદુ ધર્મ તથા ઇસ્લામી ધર્મ [illegible]
[illegible] પણ ભાષાંતર કરનારે નોટમાં ખ્રીસ્તી ધર્મને તથા આર્ય સમાજવાળાઓને પણ [illegible]
[illegible]રી બતાવ્યો છે, એમાં માત્ર મુકાબલોજ છે એટલુજ નહિ પણ મુસલમાની ધર્મમાં ખુદાને
[illegible]માનવો તથા ફીરસ્તાઓને કેમ માનવા, પેગમ્બરોને કેમ માનવા, કીતાબોને કેમ માનવી ઇત્ય
તથા પાંચે બીનાએ ઇસ્લામનું પણ વર્ણન છે દુકાણથી નીકાહ, તલાક, હરામ, વિ બાબતો
માટે ઇસ્લામના ચંદ્ર ઉપર જે તેઓએ ધુળ ઉડાવી છે તેનો ઉત્તર આપી તે ધુળ તેઓના મ્હોંપર
પાડી છે અને લગભગ બધી શંકાઓનો જવાબ એમા છે દ મલા તરીક કુરઆનની ફસાહત ઉપર
શંકા, તે બૈબલથી લેવાયલુ, કુરાનના આત્માને માટે કંઇએ નથી, તેમા જન્નતમા ખાનાપીનાનુ
લખેલુ છે ચંદ્ર ફાટવાના ચમત્કાર ઉપર શંકા, જેહાદ ઉપર શંકા, એકથી વધુ સ્ત્રીઓ સાથે
નીકાહ કરવા ઉપર શંકા, તલાકપર શંકા, દત્ત પુત્ર જૈદે (રદ) પોતાની સ્ત્રીને મુકી દીધી પછી
હજરત મોહમદ (સલ) સાહેબે તેણીની સાથે નીકાહ કીધા તે ઉપર શંકા, હદીસોપર પાચ
શંકા, મેરાજ ઉપર શંકા, નમાજ પર શંકા, રોજા પર શંકા, જકાતપર શંકા વિગેરે પારસી-
ઓના પુસ્તકોથી હજરત મોહમદ સાહેબના ભવિષ્યવાદપણાની સાબેતી ઇત્ય એની પહેલી
આવૃતી તદન ખપી જવાથી બીજી આવૃત્તિ છપાવી છે જેમા આર્યાઓનુ ખંડન પણ ઘણુ
વધાયું છે બીજી આવૃત્તિની પ્રસ્તાવના ખાસ વેદના ખંડનમાં જોવા લાયક છે કીમત રૂા.
૩ પોષ્ટ વગર

સત્યાર્થ પ્રકાશનુ ખંડન ગુજરાતી કી રૂા ૧। અને અગ્રેજી કી. રૂા. ૧॥ એમા
આર્યાઓને રદ છે ઘણુ ખરૂ તેઓના માનેલા પુસ્તકોથી અને ખાસ દયાનંદના પુસ્તકોથી
દયાનંદીઓનુ ખંડન છે એને પ્રગટ થવાને ૭ વર્ષ થયા હજુ કોઇએ જવાબ આપ્યો નથી

બૈબલ પરિક્ષા કી આ ૨ એમા ૧૦૦ દાખલાથી બૈબલમા ફેરફાર થવાની સાબેતી છે

કુરઆનમાં પરીવર્તનનુ પરાવર્તન આર્ય સમાજીઓએ કુર્આનમા ફેરફાર થવા
માટે શંકાઓ પ્રગટ કીધેલી તેનો જોવા લાયક ખોલાસો દેખાડી વેદોમા થયલા ફેરફાર, સસ્કૃત
જૂનીભાષા નથી વિગેરે અજાયબ જેવી વાતો સિદ્ધ કીધી છે. કિ માત્ર પોસ્ટેજ

ગુજરાતી ઇઝહારૂલ હક કિ. રૂ ૩ પ્રાન્તિઓના ખંડનમા

ઇગ્રેજી ઇઝહારૂલ હક કિંમત માત્ર પોસ્ટ ખરચો ઇંડિયા તથા આફ્રિકા માટે ૦॥।
ગઉરક્ષકને ચેતવણી ઇગ્રેજીમા કીમત આના ૬

આર્ય ધર્મનું ખંડન અને ઇસલામનુ મંડન } કી ૧ ફકત પોસ્ટેજ
આર્ય (ગ્રંથો અને) ધર્મની કસોટી }
ઇસ્લામ પ્રચારક ભાગ ૧
બીજી ગુજરાતી, ઉર્દુ દીની કિતાબો માટે કુતુબખાનાની લીસ્ટ મગાવી વાકેફ થશો

મળવાનું ઠેકાણું.

મેનેજર—કુતુબખાનએ સાદેકીયહ

રાંદેર. જીલ્લે સુરત.